# પુણ્યસ્મૃતિ

## નિવાપાંજલિ / ભજન



**પ્રકાશક :**
**ગં. સ્વ. સીતાબેન મગનભાઈ પટેલ**
મુ. પો. ઓરણા,
તા. કામરેજ, જિ. સુરત.
તથા
કીટવે (ઝાંબિયા)

**પ્રત** - ૩૦૦૦
તા. ૧૧-૫-૧૯૯૪

**મુદ્રણસ્થાન :**
**મેકીનટોશ ઈન્ડિયા**
૨૧૩/એ, પેરેડાઈઝ કોમ્પ્લેક્ષ,
સયાજીગંજ, વડોદરા - ૩૯૦ ૦૦૫
✆ ૩૨૪૧૮૧

# ''પુણ્યસ્મૃતિ''

**સ્વ. શ્રી હરિભાઈ માધવભાઈ પટેલ**
**સ્વ. શ્રીમતી માલીબેન હરિભાઈ પટેલ (પત્ની)**
**સ્વ. શ્રી મગનભાઈ હરિભાઈ પટેલ (પુત્ર)**
**સ્વ. કુ. ગુલાબબેન મગનભાઈ પટેલ (પુત્રી)**

ઓરણા
ના
સ્મરણાર્થે
તેમના પરિવાર
તરફથી સપ્રેમ ભેટ


પ્રકાશક
**ગં. સ્વ. સીતાબેન મગનભાઈ પટેલ**
મુ. પો. ઓરણા
વાયા. બારડોલી
તા. કામરેજ, જી. સુરત

**C/o જયન્તિભાઈ મગનભાઈ પટેલ**
કીટવે - ઝાંબિયા
**C/o અનંતભાઈ મગનભાઈ પટેલ**
લંડન - યુ.કે.

# ''પુણ્યસ્મૃતિ''

## મંગલ શુભભાવના

અમારા પુણ્યશાળી દિવંગત સ્વજનોને શ્રધ્ધા સુમન, -હાર્દિક નિવાપાંજલિ સાદર કરતાં, અમારાં દિલ-દિમાગ, સહજભાવે અતિ અતિ નમ્રભાવે - તેમનાં ભવ્ય જીવનને વંદન કરે છે.

પ્રભુ ! એ આત્માઓને પરમ શાંતિ અને ઋજુ સામિપ્ય બક્ષો એવી પ્રાર્થના સહ

અમો છીએ
એમનાં આપ્તજનો
ગં. સ્વ. સીતાબેન મગનભાઈ પટેલ
ઓરણા - તા. કામરેજ જી. સુરત
(કીટવે - ઝાંબીઆ - સેન્ટ્રલ આફ્રિકા)

શ્રી જયન્તિભાઈ મગનભાઈ પટેલ
અ.સૌ. સુરેખાબેન જયન્તિભાઈ પટેલ
કીટવે - ઝાંબીઆ
ચિ. શીતુલ - ચિ. અર્ચન
ચિ. બિન્દી

શ્રી અનંતભાઈ મગનભાઈ પટેલ
અ.સૌ. મીનાક્ષીબેન અનંતભાઈ
લંડન - યુ. કે.
ચિ. અમર અને ચિ. બીના

સમર્પણ

કુટુંબ

ભકત સમાજ

જનતા જનાર્દન ને

તથા

સ્વાભાવિક રમૂજને અને વિનોદવૃત્તિને.

# સંતોના આશીર્વચન

આ પરિવાર પર સદૈવ સ્વામી દિવંગત પૂ. લાલદાસજી,
ઝાંસી નિવાસી યોગી દિવંગત પૂ. કેવલદાસજી તથા
સંત શિરોમણી વૃંદાવનવાસી શ્યામાદેવીનાં
અનંત આશીર્વાદો વરસ્યા છે....

તેમનાં પ્રત્યે સાષ્ટાંગ કોટિ કોટિ નમસ્કારો......

# અનુક્રમ


| | |
|---|---|
| મંગલ શુભભાવના | ૧ |
| પ્રકાશકીય નિવેદન | ૫ |
| વડવાઓની છબિઓ | ૧૦ થી ૧૩ |
| ગુરુ માઈની છબિ | ૧૪ |
| બાલયોગેશ્વરજીની છબિ | ૧૫ |
| કબીરજીની છબિ | ૧૬ |
| વડવાઓનો પરિચય | ૧૭ |
| પરિવારની જીવન ઝરમર | ૨૦ |
| અંતિમ પરલોક માર્ગ | ૨૬ |
| મૃત્યુ પછી આત્માની સ્થિતિ | ૩૧ |
| મૃત્યુસંદેશ | ૪૨ |
| આત્મ સંબોધન | ૪૪ |
| પ્રાર્થના અને ભજનો | ૪૬ થી ૬૬ |

# પ્રકાશકીય - નિવેદન

સુરત જિલ્લાનો ભકત સમાજ જે વડોદરા જિલ્લાના કાનમ વિભાગમાંથી સ્થાનાંતર કરીને અહીં આવીને વસ્યો. આ સમાજની ખાસ લાક્ષણિકતાઓમાં એનાં પ્રબળ ધાર્મિક સંસ્કારો, અણીશુધ્ધ પ્રામાણિક આચરણ, વ્યવહારો અને નૈસર્ગિક - કુદરતી વ્યવસાયે ખેતી પરાયણ જીવન છે. આ એક જાજ્વલ્યમાન ઝળહળતું એના સામાજિક જીવનમાં લોહી સાથે વણાઈ ગયેલું પરિબળ છે. આ પરિબળને આધારે આજે પણ સમાજ સંગઠિત સંસ્કારમય - ધાર્મિક અને હરેક ક્ષેત્રે, શું સામાજિક કે શું રાષ્ટ્રીય કે શું કેળવણીવિષયક કે ઈતર ક્ષેત્રે, એની પ્રગતિ અદ્વિતીય છે.

કામરેજ તાલુકાના ઓરણા ગામમાં ભકત સમાજની મોટી વસતિ અને તેમાં ઘણા આગેવાનો - સાહસિકો - કેળવણીકારો - તથા પ્રેરણાદાયક એવા ઘણા મહાનુભાવો થયા.

જે પૈકીમાં **સ્વ. ભક્તિદાદા, સ્વ. શ્રી જીવણદાદા, સ્વ. શ્રી નાથાભાઈ પરસોત્તમ** તથા **સ્વ. શ્રી દયારામભાઈ શૂરા** અને અન્યોએ ગામનું નામ રોશન કર્યું છે.

સ્વ. ભક્તિદાદાનો પરિવાર આજ દિન સુધીનો એક વિશાળ વટવૃક્ષ જેવો વિસ્તર્યો અને પાંગર્યો છે. આ વિશાળ વડલાની અનેક શાખા - ઉપશાખાઓ અને નાની નાની મૂલિકાઓથી એ અડીખમ ઊભો છે.

આ વિશાળ પરિવારની જીવન પધ્ધતિ આગવી - અનોખી છે. શિસ્તબધ્ધ - વિચારણાધીન અને ચોક્કસ નિર્ણયાત્મક જીવનશૈલી છે. ટોચથી નીચે સુધી આ જીવનશૈલીનો પમરાટ નાનાં મોટાં તમામ બાળકોમાં નજરે પડે છે.

આ પ્રશંસનીય અને દાખલારૂપ પરિવારમાં ભિન્ન ભિન્ન સ્વભાવના ભિન્ન-ભિન્ન આયુ-ઉંમરના પ્રપિતામહો - દાદાઓ - પિતામહો અને અન્યોમાં એક જ પરમ આદર્શ જોવામાં આવે છે, અને તે એ કે બધાએ શાંતિથી - સમાધાનથી - કજીયા કંકાસ વગર સામૂહિક સહજ સમજ સદ્ભાવથી - સમર્પણથી જીવન જીવવું અને વિકાસ કરવો. આખા પરિવારના વિકાસમાં જ પોતાનો વ્યક્તિ વિકાસ સમાયેલો છે એવું સૌ સમજતા તેથી જ એ સર્વતોમુખી પ્રગતિ કરી શકયા.

આ પટેલ પરિવારમાં સૌનો આગવો ઉલ્લેખનીય ફાળો તો છે જ પરંતુ પુરૂષોની સાથે તેટલો જ પુરૂષાર્થ બલ્કે તેનાં કરતાં કાંઈક વિશેષ પ્રદાન મૂક્ભાવે - પરિવારનાં મહિલા પાંખનો હિસ્સો પણ રહ્યો છે. આ સ્થળે તેઓનાં નામનો ઉલ્લેખ ઉચિત માનું છું. સ્વ. માનીબેન માધવભાઈ, સ્વ. બેનાબેન ભગાભાઈ, સ્વ. દિવાળીબેન રામભાઈ, સ્વ. માલીબેન હરિભાઈ, સ્વ. રામીબેન ઓધવભાઈ, સ્વ. રેવાબેન જીવણભાઈ, ગં. સ્વ. મણિબેન કાલીદાસ, સ્વ. ગંગાબેન મટુભાઈ, ગં. સ્વ. વનિતાબેન છોટુભાઈ, ગં. સ્વ. કુંવરબેન માધવભાઈ, સ્વ. દેવીબેન નરસિંહભાઈ તથા અ.સૌ. લક્ષ્મીબેન દલુભાઈ, અ.સૌ. લક્ષ્મીબેન છનુભાઈ તથા અ. સૌ. દૂધીબેન નારણભાઈ વગેરે - આ સૌને મારાં અંતરનાં પ્રણામ સાદર કરૂં છું.

સ્વ. પૂ. માધવદાદા, સ્વ. પૂ. ભગાદાદા, તથા સસરાઓ સ્વ. શ્રી રામભાઈ, સ્વ. શ્રી હરિભાઈ, સ્વ, શ્રી ઓધવભાઈ તથા સ્વ. શ્રી કાળુભાઈ, સ્વ. શ્રી મટુભાઈ, સ્વ. શ્રી છોટુભાઈ તથા સન્માનીય પૂજ્ય શ્રી દલુભાઈ, શ્રી છનુભાઈ, શ્રી નારણભાઈ વગેરેના ભાતીગળ જીવનનાં તેજ, સૌમ્યતા અને ભવ્યતા મેં નિહાળ્યાં છે. તેમનો અહોભાવ અને પ્રેમ મેં સંપાદન કર્યો છે. તેઓનાં સૌનાં સ્વમુખે "સીતા" તો "સીતા" જ અમારા પરિવારમાં આવી છે એવું તેમનું કથન છે. તેમનાં આજ્ઞાપાલન અને શિસ્તમય

જીવનનો આદર્શ તો મોટાંથી નાનામાં સૌમાં ખાસ ધ્યાન ખેંચે એવો છે. વિશેષે કરીને માનનીય શ્રી દલુભાઈ તથા ચિ. ભરતભાઈ ઓધવભાઈ વગેરેની હમદર્દી - સહાનુભૂતિ અને હાર્દિક સાર સંભાળ તેમણે મારી લીધી છે. મારા એ વડીલોને મારાં અંતઃકરણપૂર્વકના સપ્રેમ રામકબીર અને પ્રણામ.

મારા સસરા સ્વ. શ્રી હરિભાઈ અને મારા સાસુજી સ્વ. માલીબેન સૌમાં જયેષ્ઠ અને પૂજ્ય દાદાઓની વિદાય પછી કુટુંબજીવનની નૌકાનું સુકાન તેમણે સુપેરે - સંનિષ્ઠ ભાવે કુશળતાથી સંભાળ્યું. ધંધો વધાર્યો, વ્યવહારો બરાબર જાળવ્યા અને સાચવ્યા અને જોગવ્યા. ધંધાર્થે વિદેશગમન અને ઘર આંગણે ખેતી વિકાસ તથા નાના ગ્રામોદ્યોગ વગેરે ચલાવ્યા. ઘર અને ગામનું સંચાલન અડીખમ રીતે કર્યું. વહીવટી કામોમાં પટેલાઈ અને સરપંચપણે ઘણી જ કુશળતાથી ગામનો બંદોબસ્ત કર્યો તેથી શાંતિ અને સમાધાન જળવાયું. લોકોપકારક કામોમાં પશુ દવાખાનું, માધ્યમિક શાળા તથા અન્ય સંસ્થાઓમાં એમનું વર્ચસ્વ અભૂતપૂર્વ અને પ્રશંસનીય હતું. તેઓ એક સન્માનીય નાગરિક ગૃહસ્થ તરીકે જીવ્યા. ઝાંબીયાનો પ્રવાસ પણ બે વાર કર્યો હતો.

સ્વ. હરિદાદા અને સ્વ. માલીબેનના એકમાત્ર પુત્ર સ્વ. શ્રી મગનભાઈનું જીવન ખૂબ જ શાંત અને સાલસ હતું. દર્શને અતિ સુંદર - રળિયામણા અને મીતભાષી હતા. તેઓ ખૂબ જ પ્યાર અને પ્રેમથી ઉછર્યા હતા, તેમનું ઝાંબીયામાં જીવન પરિવારના ધંધાકીય જીવનના મુખ્ય અંગ સમાન હિસાબી વિભાગમાં વીત્યું. તેઓએ આ વિભાગને પોતાની આગવી બુધ્ધિ શક્તિથી બરાબર સંભાળ્યો અને પરિણામે ઝાંબીયામાં ધંધાનો વિકાસ આંખે વળગે એવો થયો. ખૂબ જ વફાદારીપૂર્વક, પ્રામાણિકપણે જે - તે કામો કરતા. સૌની સાથે કુટુંબમાં, સમાજમાં, મિત્રોમાં પ્રેમથી હળી-મળીને આદરપૂર્વક જીવન જીવતા. મિલનસાર સ્વભાવને લીધે તેમને કોઈ જોડે શત્રુતા ન હતી. અને મૃદુ-મધુભાષી તેઓ સદ્ભાવ અને પ્રેમથી જીવતા.

તેમનું દામ્પત્ય જીવન ઘણું જ સુંદર અને સુખમય હતું. મારી સાથેનો તેમનો વર્તાવ સદૈવ પ્રેમપૂર્ણ, આનંદપૂર્ણ અને સમજપૂર્વકનો રહ્યો. અમારાં ગૃહસ્થ-જીવનકાળ દરમિયાન બે પુત્રો જયંતીભાઈ અને અનંતભાઈ અને બે પુત્રવધૂઓ શ્રીમતિ સુરેખા અને શ્રીમતિ મીનાક્ષી તથા દિવંગત પુત્રી ગુલાબ - એમ અમારો પરિવાર છે.

તેમનો આદર અને હેતભાવ, તેમનાં જીવનની મૃદુતા અને પ્રેમળતાની ઝલક અમારાં જીવનને સદૈવ પ્રેરણા પિયૂષ પાતી રહેશે.

મારી પોતાની ભૂમિકાની સહજ સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે મારા સમગ્ર પરિવારના મોટાં નાનાં તમામ સાથે મારૂં આખું જીવન, સમર્પિત જીવન જલતી ધૂપસળી જેવું રહ્યું. સૌના જુદા જુદા સ્વભાવો, ભિન્ન ભિન્ન ગમા અણગમાઓ અને અનેકવિધ વિચારસરણીઓ વચ્ચે લેશમાત્ર મારાં મન, હૃદય, દિમાગમાં જુદાઈનો કે અણગમાનો કે કંટાળાનો ભાવ લાવ્યા સિવાય ભારતીય સંસ્કૃતિનો પરમોચ્ચ આદર્શ ઘસાઈને ઉજળા થવું, બલિ બનીને પરમાર્થ જીવનની મોજ માણવી, અથવા કહો કે માતા કૌશલ્યા, કૈકેયી, સુમિત્રા, મદાલશા કે અન્ય મહાન નારીઓનો પરમ આદર્શ-કેવળ વાત્સલ્ય ભાવ, કેવળ પ્રેમભાવ, સૌને માટે સન્માન, સમભાવ અને સેવા સુશ્રૂષા વગેરેથી જીવન બલિ બનીને યજ્ઞમય જીવન બનાવવાનો મારો આદર્શ રહ્યો. મારી એકમાત્ર નેમ કુટુંબજીવનની વેદી પર જાતને હોમીને પરમોત્કર્ષ સાધીને સૌને શાંતિ સમાધાન મળે એવી અંતરેચ્છા રહી. કુરબાની કરવાનો મારા જીવનનો આધાર રહ્યો છે.

આ માટે મારે અહીં ખાસ ઉલ્લેખ કરવો પડે તે એ કે મારા પ્રાતઃ સ્મરણીય માતાપિતા સ્વ. શ્રી વલ્લભભાઈ ગોવિંદભાઈ અને સ્વ. માલતીબેન વલ્લભભાઈના પરમોચ્ચ સદ્ગુણોભર્યું પ્રેમપૂર્ણ, ભક્તિપૂર્ણ, સંસ્કારપૂર્ણ, ભાવપૂર્ણ, નિષ્ઠાપૂર્ણ, ઉજ્જવળ જીવન

અને કવનને આભારી છે. તેઓનાં જીવંત તેજસ્વી જીવનમાં ધાર્મિકતા, સંત સમાગમ, સદ્‌ગ્રંથ, સ્વાધ્યાય, સંકીર્તન, સેવા, સંતાનો માટેનો આવકારો વગેરેનો અજોડ મેળ હતો. આવાં પ્રેમાળ માતાપિતાનાં જીવનમાંથી અમો બધાં ભાઈ બહેનો જે જીવનામૃત, જે જીવનપાથેય પામ્યાં તે અમારૂં પરમ સદભાગ્ય સમજીએ છીએ અને એ જ અમારાં સૌનાં જીવનનું આગવું અંગ અને આધાર બન્યો છે. આ પાયાની ભૂમિકાનો આધાર જો અમારી પાસે ના હોત તો અમો જીવનમાં આવેલાં કારમા ઝંઝાવાતો, યાતનાઓ, અસહ્ય વિપત્તિઓ અને મહાદુઃખોનો સામનો ના કરી શકયાં હોત. આને સહજ રીતે જીરવવાનો અમને એક લ્હાવો મળ્યો છે. પ્રભુમય જીવન - ભજન કીર્તન અને સંત સમાગમ, ગુરૂભક્તિના આધારે જ અમો પડકારોનો સામનો કરી શકયાં છીએ. ધન્ય હો એ અમારાં સદાય સ્નેહ વર્ષાવતાં માતાપિતાને. એમનાં સત્યમય, પ્રેમમય જીવનના એ સાક્ષાત જીવંત ચૈતન્યમૂર્તિરૂપ અમારાં માતાપિતાને અમારાં કોટિ કોટિ પ્રણામ અને વંદનાઓ.

આ 'પુણ્યસ્મૃતિ' પ્રકાશનથી અમારા પરિવારને, ગ્રામજનોને તથા સમાજ જીવનના ભાઈ બેનોને કાંઈક અમૂલ્ય માર્ગદર્શન, શાંતિ સમાધાન પ્રાપ્ત થાય એ માટે જ આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે.

આ પુસ્તક 'પુણ્યસ્મૃતિ' મારફત પૂ. મોટાનાં ઉધ્ધૃત કરેલાં વચનામૃતોમાંથી સૌ પ્રેરણા પ્રાપ્ત કરે એવી વિનમ્ર અભિલાષા.


**ગં. સ્વ. સીતાબેન મગનભાઈ પટેલ**

ના

સપ્રેમ રામકબીર

મુ.પો. ઓરણા
તા. કામરેજ
વા. બારડોલી જિ. સુરત
તા. ૨૨-૩-૧૯૯૪

## સ્વ. શ્રી હરિભાઈ માધવભાઈ પટેલ




જન્મ સન ૧૯૦૩ - હરિશરણ તા. ૧૭-૧૨-૧૯૮૩

## સ્વ. માલીબેન હરિભાઈ પટેલ



જન્મ તા. ૧૧-૩-૧૯૦૬ - હરિશરણ તા. ૩-૮-૧૯૮૫

## સ્વ. શ્રી મગનભાઈ હરિભાઈ પટેલ



જન્મ તા. ૨૩-૧૧-૧૯૨૩ - હરિશરણ તા. ૨૭-૩-૧૯૯૧

# ગં. સ્વ. સીતાબહેન મગનભાઇ પટેલ




જન્મ તા. ૬-૨-૧૯૨૫

## ગુરુ માઇ સ્વામી ચિદ્‌વિલાસાનંદ




ગુરુ બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વર,
ગુરુઃ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ॥

# બાલ યોગેશ્વરજી



## સદ્ગુરૂ કબીર સાહેબ



# વડવાઓનો પરિચય

## (૧) માધવભાઈ ભક્તિભાઈ પટેલ

સાઉથ આફ્રિકા ગયા હતા. ત્યારબાદ અમેરિકા ગયા હતા. અમેરિકાના વસવાટ દરમિયાન અમેરિકાની ખેતીની પધ્ધતિ વિષે જાણકારી મેળવી હતી. અમેરિકાની ખેતીની જાણકારી ભારતમાં આવી પોતાના ગામ ઓરણા-ભરથાણા એમની જમીનમાં કપાસ અને બીજા પાકો તૈયાર કરાવીને ભારતનાં ખેડૂતોને સારૂં માર્ગદર્શન મળે તે માટેના પ્રયાસો કર્યા હતા. ઓરણા વિભાગના ખેડૂતોને ખૂબ ખૂબ ઉપયોગી જાણકારી ખાસ કરીને કપાસની ખેતી માટે કરી હતી. તેઓ ઉમદા પરગજુ જીવન જીવી ગયા હતા. પોતાના નિખાલસ સ્વભાવને લઈને ઓરણા ગામના તમામ વર્ગોની પણ તેમણે ખૂબ પ્રસંશા પ્રાપ્ત કરી હતી.

## (૨) ભગાભાઈ ભક્તિભાઈ પટેલ

ભારતમાં સરવેયરનું કામ કરતા હતા. વતનમાં જરૂર પડવાથી રાજીનામું આપી ઓરણા આવી રહ્યા હતા.

તેમના જીવનમાં તેમણે ઓરણા અંગ્રેજી કલાસોનું સંચાલન સફળતા પૂર્વક કર્યું હતું, તેમની અથાક મહેનતને લઈને ઓરણા અંગ્રેજી કલાસો ચાલુ રહી શક્યા હતા. ત્યારબાદ પટેલ રમણભાઈ સાર્વજનિક વિદ્યાલયના પ્રમુખ તરીકે ઘણાં વરસો તેમણે નમૂનેદાર સેવા આપી હતી. એમનાં માર્ગદર્શન અને કુશળ વહીવટી શક્તિ અને દીર્ધદ્રષ્ટિને લઈને પટેલ રમણભાઈ સાર્વજનિક વિદ્યાલયની

ખૂબ પ્રગતિ થઈ છે. અને ઓરણા અંગ્રેજી કલાસો અને પટેલ રમણભાઈ સાર્વજનિક વિદ્યાલયમાં ભણીને સેંકડો વિદ્યાર્થીઓ દેશ પરદેશમાં સ્થિર થયાં છે.

## (૩) રામભાઈ માધવભાઈ પટેલ

સુરત જીલ્લામાંથી આફ્રિકા ખાતે - તે વખતનું દક્ષિણ રોડેશીયા જે અત્યારે ઝીમ્બાબ્વે ગણાય છે ત્યાં પહેલા જનારાઓ પૈકી એક હતા. ખૂબ મહેનત કરી તેઓ દક્ષિણ રોડેશીયામાં સ્થિર થયા હતા અને તેમણે પોતાના સગાઓ, ઓળખીતાઓને દક્ષિણ રોડેશીયા - ઝીમ્બાબ્વેમાં અને ઉત્તર રોડેશીયા જે અત્યારે ઝામ્બીયા તરીકે ઓળખાય છે ત્યાં સ્થાયી થવા ઘણા પ્રયાસો અને મહેનત કર્યા હતાં. આ પ્રયાસોને લઈને તેમણે ઝીમ્બાબ્વે અને ઝામ્બીયામાં સારી નામના મેળવી હતી. અને લોકોની ચાહના મેળવી હતી. એમના દીકરા સ્વ. રમણભાઈની યાદગીરીમાં ઓરણા કેળવણી મંડળને શરૂઆતમાં પચીસ હજાર રૂપિયાનું દાન કર્યું હતું અને એ શરૂઆતના દાનથી આખી સંસ્થા પટેલ રમણભાઈ સાર્વજનિક વિદ્યાલય શરૂ થઈ હતી અને આજે ફાલીફૂલી, બીજા દાતાઓનાં દાનથી સંસ્થાનો ખૂબ વિકાસ થયો છે.

## (૪) હરિભાઈ માધવભાઈ પટેલ

ઓરણા ગામના પટેલ તરીકે અને આદર્શ ખેડૂત તરીકે એમણે નામના મેળવી હતી. તેઓ પોતાના મિલનસાર સ્વભાવને લઈને ઓરણાના તદ્દન નીચેના થરના લોકોની સારી ચાહના મેળવી હતી અને ઉપરના થરના લોકોની પણ પ્રશંસા પ્રાપ્ત કરી હતી.

જીવનમાં કોઈનું કામ કરી છૂટવાની તેમને ધગશ હતી.

## (૫) ઓધવભાઈ માધવભાઈ પટેલ

સુરત જીલ્લામાંથી તે વખતના ઉત્તર રોડેશીયા અને અત્યારના ઝામ્બીયામાં શરૂઆતમાં જનારા પૈકી એક હતા.

તેઓ સ્વભાવે સાહસિક, હસમુખા, મળતાવડા હતા અને આવા સ્વભાવથી ઝામ્બીયામાં લોકોની સારી ચાહના મેળવી હતી. તેમણે ઝામ્બીયામાં શરૂઆતમાં જનારા લોકોને ઠીક ઠીક માર્ગદર્શન આપ્યું હતું.

## (૬) મગનભાઈ હરિભાઈ પટેલ

તેઓ હસમુખા સ્વભાવના, ખૂબ લાગણી પ્રધાન હતા. તેઓએ સખત મહેનત કરી ઝામ્બીયામાં પ્રગતિ કરવામાં પોતાના કુટુંબના પ્રયાસોમાં ખૂબ ખૂબ મહત્વનો ફાળો આપ્યો હતો.

તેઓ પરગજુ સ્વભાવના હતા. કોઈનું કામ કરી છૂટવાની તેમનામાં ભાવના હતી. આ ઉમદા સ્વભાવને લઈને ઓરણામાં પણ તેમણે લોકોની સારી ચાહના મેળવી હતી. ઓરણામાં રહીને તેમણે આદર્શ ખેડૂત તરીકેં નામના મેળવી હતી. ઝામ્બીયામાં પણ ઓળખીતાઓ અને બીજાઓને મદદરૂપ થવા હમેશા પ્રયાસો કર્યા હતા.

*ભક્તિભાઈ રણછોડજી ભક્ત*
- ઓરણા

# પરિવારની જીવન ઝરમર

શ્રી ભક્તિભાઈ જીવાભાઈ ભક્ત, ઓરણા ગામના આગેવાન નાગરિક હતા. તેઓનું જીવન, આદર્શ અને પ્રતિભાસંપન્ન હતું. શરીર સ્વાસ્થ્ય સાથે લાંબું આયુષ્ય અને તેજસ્વી સંસ્કારમય જીવન જીવ્યા. સ્વ-ઉત્કર્ષ સાથે ગામ અને સમાજના વિકાસ માટે પણ સતત તત્પરતા હતી.

શ્રી ભક્તિદાદાના બે પુત્રોમાં શ્રી માધવભાઈ જ્યેષ્ઠ પુત્ર હતા. બાળપણ અને જુવાની ઓરણામાં પિતાની છત્રછાયામાં મસ્તીથી વીતાવી. પરંપરાગત ખેતીના વ્યવસાયમાં જોડાયા. શરીર એકવડું પરંતુ ઊંચા અને તંદુરસ્ત, શક્તિશાળી હતા. દિલ દિમાગમાં કુટુંબ - ગામને આર્થિક રીતે સંપન્ન બનાવવાની ખેવના હતી. માનીબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયાં. લગ્નજીવન મીઠું, મધૂરૂં, પ્રેમભર્યું હતું. તેમનાથી જે બાળકો પુત્ર શ્રી રામભાઈ, શ્રી હરિભાઈ, શ્રી ઓધવભાઈ અને પુત્રી રેવાબેન એમ ચાર સંતાનો હતાં. કેળવણી નહિવત્ છતાં બે વાર આફ્રિકાનો પ્રવાસ કર્યો. વળી અદમ્ય ધગશથી તેઓ અમેરિકા પણ ગયા હતા. અંગ્રેજીનું જ્ઞાન નહીં, બીજી જાણકારી નહીં છતાં દેશ વિદેશમાં રઝળતા તેઓ મેક્સિસોથી પગ રસ્તે અમેરિકા પહોંચ્યા હતા. ત્યાં શરૂઆતમાં મજૂર તરીકે ખેતીના બગીચામાં મજૂરી કામ કર્યું. પછી વિશાળ અનુભવો લઈ જાપાન વગેરે દેશોમાંથી ફરતાં સ્વદેશ આવ્યા. અહીંની ખેતી તો વર્ષા આધારિત હતી. સૂકી ખેતીમાં કાંઈ પરવડે નહીં એટલે કુવાઓ ખોદાવી સિંચાઈ કરી. ખેતીમાં વિકાસ કર્યો અને વાડી તથા ફળઝાડ શાકભાજી વગેરેની ખેતી નમૂનેદાર

બનાવી. તેમની સાહસિકતાનો કોઈ પાર નહીં. ઓઈલ એન્જીનો લાવી, પંપોથી સિંચાઈ સાથોસાથ અનાજ દળવાની ઘંટી તથા ચોખા કાઢવાની મીલ - રાઈસ મીલ પણ કાઢી. કુટુંબ અને સમાજ જીવનમાં તેમની આગવી પ્રતિભાથી સૌ અંજાતા અને તેમનું કહ્યું માનતા. ગામ પર સારૂં વર્ચસ્વ. ઓરણાના વિકાસમાં તેમનો ફાળો ઘણો મોટો ગણાય. જૈફ ઉંમરે ફરી ઝાંબીયા, આફ્રિકાનો પ્રવાસ કર્યો. ત્યાં ઝાંબીયામાં ૭૧ વર્ષની ઉંમરે એન્ડોલા નગરમાં ૧૯૫૧માં હરિશરણ થયા.

શ્રી ભક્તિદાદાના બીજા પુત્ર શ્રી ભગાભાઈ ખૂબ જ શાંત અને પ્રેમાળ સ્વભાવના હતા. તબિયત ઘણી જ સારી અને છેવટ સુધી લાંબું આયુષ્ય તાજગીભરી રીતે વીતાવ્યું. બાળપણ યૌવનાવસ્થા ઓરણામાં જ વીતાવી. શ્રીમંતી બેનાબેન જોડે તેમનું વિવાહીત જીવન ખૂબ જ ગૃહસ્થાઈ ભરી રીતે વીત્યું. બેનાબેનનું શરીર બરાબર સારૂં રહેતું નહોતું. તેમનાથી તેમને છ પુત્રો અનુક્રમે શ્રી કાળુભાઈ, શ્રી મટુભાઈ, શ્રી છોટુભાઈ, શ્રી દલુભાઈ, શ્રી છનુભાઈ, શ્રી નારણભાઈ અને બે પુત્રીઓ શ્રીમતી કુંવરબેન અને શ્રીમતી દેવીબેન હતાં. વિદેશોનો રસ્તો મોકળો થયો હતો એટલે કાળુભાઈ - છનુભાઈ સિવાય ૪ ભાઈઓ વિદેશોમાં સંચર્યા. સૌને યોગ્ય કેળવણી આપી અને ગ્રામજીવન તથા સમાજજીવનમાં યોગ્ય ઉંમરે સૌને પરણાવ્યા અને એક સુખી સંપન્ન વિશાળ પરિવારમાં ભીષ્મ પિતામહની અદાથી તેઓ રહ્યા. શ્રી માધવભાઈ વિદેશોમાં સાહસ કરીને છતાં ઘર આંગણે તેમણે ખેતી સાથે પરિવારની સંભાળ અને શ્રી ભગાભાઈએ ગાયકવાડી રાજ્યમાં લેન્ડ સર્વેયર અને આંકણી અમલદાર તરીકે સેવાઓ આપી. શ્રી રામભાઈ માધવભાઈના એક માત્ર પુત્ર સ્વ. શ્રી રમણભાઈના અકાળે

અવસાનથી આ સમગ્ર પરિવારે તે દિવસોમાં રૂા. ૨૫,૦૦૦/- ના દાનથી સ્વ. રમણભાઈ રામભાઈ પટેલ સાર્વજનિક માધ્યમિક શાળા શરૂ કરી. શ્રી ઓરણા કેળવણી મંડળના તેઓ આજીવન પ્રમુખ તરીકે રહ્યા. જીવન વીતાવી તેઓ મોટી ઉંમરે હરિશરણ થયા.

શ્રી માધવભાઈના સૌથી મોટા પુત્ર શ્રી રામભાઈ તેમનાં ધર્મપત્ની દિવાળીબેન સાથે આફ્રિકામાં રહ્યાં. પુત્ર શ્રી રમણભાઈના અકાળ અવસાનથી તેમની સ્મૃતિમાં ઓરણા કેળવણી મંડળને રૂા. ૨૫૦૦૦/- દાન આપી સ્વ.ની સ્મૃતિમાં રમણભાઈ સાર્વ. હાઈસ્કૂલ સ્થાપી. નાના પુત્ર શ્રી ઓધવભાઈ તેમનાં ધર્મ પત્ની શ્રી રામીબેન જોડે મોટાભાગનો સમય ધંધાકીય કાર્યોમાં વિદેશોમાં વીતાવ્યો. શ્રી ઓધવભાઈએ ર.સા. વિદ્યાલયના પુનર્ગઠન અને મકાનો વગેરે માટે વિદેશોમાંથી મોટું દાન મેળવ્યું. પોતાના પરિવાર સાથે ઝાંબિયામાં સ્થાયી થયા.

વચેટ પુત્ર શ્રી હરિભાઈનું શરીર ખૂબ જ ભરાવદાર અને તેજોમય હતું. શરીરનું બંધારણ મજબૂત અને પડછંદ હતું. તેમણે અહીં ઓરણામાં જ રહી ખેતી અને વ્યવહાર સંભાળ્યો. ગામના નાના મોટાં અનેક કામો કર્યાં. તેઓએ વર્ષો સુધી પટેલાઈ કરી અને સરપંચ તરીકે પણ સેવાઓ આપી. સ્વભાવે કર્કશ પરંતુ હૃદય કોમળ હતું. દીન દુઃખિયાં માટે કરૂણા નિર્ઝરતી. ગામનો બંદોબસ્ત અડીખમ અને વ્યવસ્થિત. કોઈની હિંમત નહીં કે ગામમાં કોઈ અજુગતું વર્તન કરી બખેડો કરી શકે. વાચનના શોખીન હતા. માધવદાદા અને ભગાદાદાના અવસાન પછી ઓરણા દફતરમાં કેળવણી મંડળના પ્રમુખ તરીકે તેમણે સેવાઓ બજાવી. તેમના વિસ્તારમાં અને અધિકારી વર્ગમાં તેમનું સારું વર્ચસ્વ હતું. તેમનું

વિવાહીત જીવન શ્રીમતી માલીબેન સાથે વીત્યું. તેમનાથી તેમને એક પુત્ર શ્રી મગનભાઈ હતા. એમણે પણ આફ્રિકાનો પ્રવાસ કર્યો હતો. ઘરના ગામના એક મોભી તરીકે તેઓ સુંદર રીતે જીવ્યા. ૮૨ વર્ષનું લાંબું આયુષ્ય ભોગવી તેઓ હરિશરણ થયા.

શ્રી હરિભાઈના તેજાબી સ્વભાવની સામે શ્રીમતી માલીબેન શાંત અને પ્રસન્ન સ્વભાવનાં હતાં. તેઓ પતિના પડછાયામાં આર્ય સંસ્કૃતિની ભવ્ય ગાથા મુજબ પતિ પરાયણ, પતિની સેવામાં અને કુટુંબની સેવા સુશ્રૂષામાં વત્સલ હતાં. ધર્મપરાયણ હતાં. પાઠપૂજા નિયમિત કરવી અને સંધ્યા આરતી તથા અનેક આગંતુકો - મહેમાનોનો ઉમંગભેર આવકાર સત્કાર કરી મહેમાનગીરી કરતાં. સેવાભાવી અને પ્રેમાળ સ્વભાવના માલીબેનના શિરે બેનાબાની નાદુરસ્ત તબિયતને કારણે ભગાદાદાનાં સંતાનોનાં ઉછેર - સંવર્ધન તેઓએ ખૂબ જ પ્રેમથી અને સાહજિકતાથી કર્યું. સૌનો પ્રેમ - આદર સંપાદન કર્યો. એકવડી કાઠીનાં સતત કામ - ફરજ પરાયણ હસમુખા અને નિરભિમાની માલીમા સૌનું આદરનું પાત્ર હતાં. સંતતિમાં તેમને એક પુત્ર શ્રી મગનભાઈ હતા. પુત્રવધૂ સીતા સાથે સ્નેહમય પ્રેમાળ જીવન વ્યતીત કર્યું. જૈફ ઉંમરે તેઓ હરિશરણ થયાં.

શ્રી મગનભાઈના જીવનની ઝાંખી, પ્રકાશકીય નિવેદનમાં ઉપલબ્ધ છે. છતાં ટૂંકામાં તેઓ ખૂબ જ દેખાવડા અને મનોહારી હતા. મિલનસાર સ્વભાવ અને મૈત્રીભર્યા દિમાગથી મિત્રવૃન્દ ઘણું મોટું હતું. ૧૯૩૭માં તેઓ ઝાંબીયા ગયા. ત્યાં તેઓના ધંધામાં તેમનું પ્રદાન ઘણું મોટું હતું. સ્વભાવે ભોળા, હસમુખા અને શાંત, ધીરવીર પ્રકૃતિના તેઓ હતા. આવડા મોટાં કુટુંબના નાના મોટાં સૌ સાથે તેઓ પ્રેમથી-આદરથી રહ્યા અને જીવ્યા. શ્રી મગનભાઈનું

વેવિશાળ બાળપણમાં જ સીતાબેન સાથે થયેલું. તેમનાથી તેમને બે પુત્રો શ્રી જયંતીભાઈ અને શ્રી અનંતભાઈ છે અને એક દીકરી બાળવયે જ પ્રભુ શરણ થયેલી, નામ ગુલાબ હતું. ડાયાબીટીસની બીમારી અને શરીર ઘણું ફૂલી જવાથી તેમને જીવનના પાછળના ભાગમાં ગંભીર માંદગીમાં સપડાવું પડયું. તેઓ ૨૭ માર્ચ ૧૯૯૧ ના દિને સાઉથ આફ્રિકામાં જ્હોનીસબર્ગ - પ્રીટોરીઆમાં સારવાર માટે ગયા ત્યાં જ અંતિમ શ્વાસ લીધો.

તેમનું અકાળ અવસાન તેમના પરિવાર માટે મોટા આઘાતરૂપ અને દુઃખદ બન્યું. તેમની ખોટ તેમના પરિવારને સતત સાલ્યા કરે છે. છતાં પ્રભુને જે ગમ્યું તે ખરૂં. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે.

શ્રી જયન્તિભાઈએ સુરેખાબેન જોડે ઝાંબીયામાં જ લગ્ન કર્યું. અભ્યાસ અમેરિકામાં એન્જીનીયરીંગનો કર્યો. અને ધંધામાં ઝાંબીયામાં જ સ્થાયી થયા છે. તેઓનો પરિવાર સુખમય છે. અને તેમનાથી ચિ. શીતુલ, ચિ. અર્ચન અને કુમારી ચિ. બિન્દી એમ બાળકો છે જે ભણવામાં ઘણાં જ હોશિયાર છે.

શ્રી અનંતભાઈ નાનપણથી જ ખૂબ જ લાડઘેલો. પ્રેમભર્યા વાતાવરણમાં ઉછર્યો. દેખાવડો અને ઘણો ચપળ. તેમનાં લગ્ન મીનાક્ષીબેન સાથે થયાં. અને તેમનાથી તેમને બે બાળકો છે. જેમનાં નામ - અમર અને બીના છે. તેઓ લંડનમાં સ્થાયી થયાં છે.

******

# ઋણ સ્વીકાર

શ્રી દલુભાઈ પ્રજાપતિ અને વૃન્દ
આચાર્ય, પટેલ રમણભાઈ સાર્વજનિક વિદ્યાલય, ઓરણા

તથા

શ્રી હસુભાઈ રામભાઈ પટેલ
શિક્ષક, પટેલ રમણભાઈ સાર્વજનિક વિદ્યાલય, ઓરણા

તથા

શ્રી પ્રતાપભાઈ દવેનો
સુઘડ પ્રકાશન માટે

# અંતિમ પરલોક માર્ગ

સાધન સંપન્ન, ભગવદ પરાયણ ભક્તિમય, જ્ઞાનમય, વિજ્ઞાનમય જીવન જીવવાવાળા માનવને જીવનમુક્તિનો અનુભવ થાય છે. જેનો જન્મ થયો છે તેનું મૃત્યુ નક્કી છે. જેનું મૃત્યુ થાય છે તેનો જન્મ પણ નક્કી છે. કેમ કે કાળ માનવની પાછળ પાછળ ફરી રહ્યો છે. ઘરમાં મારી નાખે યા બહાર એનું કંઈ નક્કી કહેવાય નહીં. સદ્‌ગુરૂ કબીર સાહેબની સાખી એની સાક્ષી છે -

સુમિરન કરહુ રામ કે,
કાલ ગહે હૈં કેશ,
નહીં જાન હુ કબ મારી હૈ,
ક્યા ઘર ક્યા પરદેશ.
ઈચ્છા કરી ભવસાગરે,
જો હિત રામ આધાર,
કહહીં કબીર હરિશરણ ગહુ,
ગોખુ રજદ બિસ્તાર.

આ સદ્‌ગુરૂની આજ્ઞા છે : ભવસાગરથી પાર થવાની ઈચ્છા કરો તો રામનામ રૂપી નૌકાનો આશ્રય ગ્રહણ કરી લો. જો તમે હરિનું શરણું ગ્રહણ કરી લેશો તો ભયંકર સંસાર સાગર તમારે માટે નાના વાછરડાના પગ નીચેના પાણી જેવો થઈ જશે.

શ્રી રામચરિતમાનસ સુંદર કાંડમાં કાક ભૂશુંડી ગરુડજીને સંબોધન કરે છે કે પરમાત્માને હ્રદયમાં ધારણ કરવાથી પ્રભુકૃપા જ્યારે થઈ જાય છે ત્યારે ઝેર અમૃતનું કામ કરે છે, શત્રુ મિત્રનું કામ કરે છે. વિશાળ સંસાર સાગર નાના વાછરડાના પગ નીચેના જળ જેવા થઈ જાય છે. અગ્નિ પણ શીતલ થઈ જાય છે.

પ્રબિસી નગર કી જો સબ કાજા,

હ્રદય રાખિ કો સબ પુર રાજા

ગરુડ સુમેરુ તેનુ સમતા હી,

રામકૃપા કરિ મિતવા જાહી.

ભગવદ્ નામ જપના પ્રભાવથી પ્રહ્‌લાદના ઝેરનું અમૃત કરી દીધું હતું. માતા મીરાબાઈના હળાહળ વિષનું અમૃત થઈ ગયું હતું. ભગવાન શંકર વિશ્વનાશક હળાહળ વિષ શ્રી રામ રામ કરીને ગળામાં ધારણ કરી ગયા હતા અને ત્યારથી એમનું નામ નીલકંઠ મહાદેવ પડી ગયું હતું.

આ સંસારમાં પરમ સાર તત્વ બ્રહ્મતત્વ ઈશ્વર છે; બીજા બધા અસાર, અશાશ્વત, નાશમાન, અનિત્ય છે. સાંસારિક ભૌતિક પદાર્થોમાં માનવ રચ્યા પચ્યા રહીને માન વિયોગમાં દુઃખી થાય છે. પણ વિવેકની દ્રષ્ટિથી જોઈએ તો કેવળ એમાં અજ્ઞાન સમાયેલું છે. એ સાર્થક વાત નથી. કેમ કે અંતિમ સમયે કોઈ પણ સાથ આપતા નથી. સાંસારિક પદાર્થ, સમાજ તથા પરિવાર ક્યાં સુધી સાથ આપે છે ? શાસ્ત્રકાર વર્ણન કરે છે :-

ધનાનિ ભૂમૌ પ ષુવરચ ગોષ્ઠે,
નારિગૃહ દ્દૂરિજનાઃ સ્મશાને,

દેહશ્ચિયતાયાં પરલોકમાર્ગે
ધર્માનુગોગચ્છતિ જીવ એકઃ ॥

ધન પૃથ્વીમાં રહી જાય છે, પશુ અહીં ગૌશાળામાં, ધર્મપત્ની ઘર સુધી અને પરિવાર સમાજ સ્મશાન સુધી સાથ આપે છે. શરીર ચિતામાં રાખ થાય પછી પ્રાણીનું સત્કર્મ જ - ધર્મ જ પરલોકમાં સાથે રહે છે. ભજનની છેલ્લી લાઈન સાક્ષી છે :

સાથી હૈ મિત્ર ગંગજલ બિંદુ તક,
અર્ધાંગિની બઢેગી તો કેવલ મકાન તક,
બેટા ભી હક નિભાયેગા તો કેવલ અગ્નિદાહ તક,
ઈસકે તો આગે ભજનહી હૈ સાથી.
હરિ કે ભજન બિનુ અકેલા રહેગા.

તમામ દુઃખ અને દ્વન્દ્વ અજ્ઞાનને લીધે પેદા થાય છે અને જ્યારે જ્ઞાન થઈ જાય છે ત્યારે અજ્ઞાનનો વિનાશ થઈ જાય છે. જેમ અંધકાર પ્રકાશથી વિનષ્ટ થઈ જાય છે.

જો અપને સિર કાટે કોઈ,
જાગે બિન દુઃખ દૂર ન હોઈ.

રામાયણના કિષ્કીન્ધા કાંડમાં ભગવાન શ્રી રામે જ્યારે વાલીનો અહમ - મદનો વિનાશ કરી દીધો ત્યારે વાલીનું અજ્ઞાન પણ નષ્ટ થઈ ગયું. ભગવાને વાલીને સ્વધામ મોકલી આપ્યો. પછી નગર વાસીઓની સાથે વાલીની ધર્મપત્ની પતિના વિયોગમાં રૂદન કરતી કરતી બેભાન થઈ ગઈ. શરીરનું કંઈ પણ ભાન ન રહ્યું.

દોહા :

રામ ચરન દ્રઢ પ્રીતિ કરિ, બાલી કિન્હ તનુ ત્યાગ,
સુમન માલ જિમી કંઠતે, ગિરતન જાનઈ નાગ.

ચોપાઈ

રામ બાલિ નિજ ધામ પઠાના,
નગર લોગ સબ વ્યાકુલ ધાવા,
નાના બિધિ બિલાપ કરતારા,
છૂટે કેસ દેહ સંભારા.

તારાની વ્યગ્રતા જોઈને ભગવાન શ્રી રામે તેનું અજ્ઞાન દૂર કરીને જ્ઞાન આપ્યું. શ્રી રામે તારાને પ્રશ્ન કર્યો કે, હે તારા, શરીરનું નિર્માણ પંચ તત્વોથી થાય છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ. આ શરીરના પંચભૂતો નાશમાન છે, અનિત્ય છે. નશ્વર શરીર તમારી પાસે પડેલું છે. જો તમે શરીર માટે રડો છો તો તે રડવું નિરર્થક છે, કેમ કે શરીર તો તમારી પાસે જ છે.

જો તમે શરીરમાં રહેવાવાળા જીવાત્મા માટે રડો છો તો તે પણ સારું ન કહેવાય, કારણકે આત્મા અજર અમર અવિનાશી છે. ત્રણે કાળમાં એનો કોઈ નાશ કરી શકયા નથી.

ગીતાઃ

નૈ નં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ
ન ચૈનં કલેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ।

ન આત્માને કોઈ શસ્ત્ર કાપી શકે, ન અગ્નિ બાળી શકે, ન જળ ડૂબાડી શકે અને ન પવન ઉડાડી શકે. એવા શુદ્ધ, નિત્ય આત્મા માટે તમે રડો તો પણ તેનો કોઈ અર્થ નથી.

ચોપાઈ

તારા બિકલ દેખિ રઘુરાયા, દીન જ્ઞાન હરિ લિન્હી માયા,
ક્ષીતી જલ પાવક ગગન સમીરા,
પંચ રચિત અતિ અધમ સરીરા.

પ્રગટ સો તનુ તવ આગે સોવા,
જીવ નિત્ય કે હિ લગે તુમ્હરોના.

શ્રી રામના અમોઘ સદ્ઉપદેશ સાંભળી સાંભળીને તારાના અજ્ઞાન રૂપી સૂર્યનો ઉદય થઈ ગયા પછી શ્રી રામજીનાં ચરણ કમલોમાં પડી ગઈ. ભગવાન શ્રી રામની અનપાત્રની સુખદાયિની, અવિચલભક્તિ માંગી લીધી.

ચોપાઈ

ઉપજી જ્ઞાન ચરન તબ લાગી,
લિન્હે સિ પરમ ભગતિ બર ભાગી

સંસારમાં સત્ય એક પરમાત્મા છે. જેના બ્રહ્મ આદિ અનન્ત નામો છે. આ સત્ય સ્વરૂપ પ્રભુમાં નિરંતર સાધના, ભજન, સ્મરણ કરીને માનવે જીવન સાર્થક કરવું જોઈએ.

ચાર વેદ છે. છ શાસ્ત્ર, અઢાર પુરાણ તથા ઋષિ મુનિઓની આજ્ઞા છે કે માનવ જીવન પ્રભુ સ્મરણ માટે મળેલું છે. એ પ્રમાણે જીવન જીવવાથી મૃત્યુનો ભય દૂર થઈ જાય છે. માનવ નિર્ભય થઈને સ્વરૂપ પરમાત્મામાં વિલીન થઈ જાય છે.

*- સ્વામી રામદાસ ગુરુ શ્રી*
*મ. સ્વામી સત્યરામ શાસ્ત્રીજી*

શ્રી સત્યરામ યોગાશ્રમ,
ગલતેશ્વર, ટીમ્બા.
તા. કામરેજ, જિ. સુરત

# મૃત્યુ પછી આત્માની સ્થિતિ

માણસ શરીર છોડે છે ત્યાર પછી એને એના શરીરની સાથે એનું તાદાત્મયપણું વળગેલું હોવાથી એ શરીર છોડયા પછી પણ શરીરની આગળ પાછળ એનો જીવ રહ્યા કરતો હોય છે. અને તેર દિવસ સુધી તે જીવ જેની જેની સાથે એને કામ છે, લોભ છે, મોહ છે, આ બધું છે અને જેની સાથે, જે જે લોકોની સાથે તે જીવદશાથી એના ઉત્કટપણાથી વળગેલો છે, તેવા વાતાવરણમાં એ તેર દિવસ સુધી રહ્યા કરતો હોય છે. At the place of attachments તે જીવ ત્યાં રહેતો હોય છે. અને તેર દિવસ સુધી તે બોલીચાલી શકતો નથી પણ એ સાંભળે છે, જુએ છે પણ ખરો. એ સૂક્ષ્મ દેહ એને મળી ચૂકેલો હોવા છતાં તે તેર દિવસ સુધીની એની જે દશા છે તે આવા પ્રકારની છે. એટલે જ આપણે એ દિવસોમાં એને એના ગુણ વિશે, એણે ઉત્તમ કાર્ય કર્યું હોય તો તે વિશે એના ઉત્તમ કર્મ વિશે, આ બધું આપણે જાણી-વિચારીને કરવું જોઈએ. શોક તો બિલકુન ના કરવો જોઈએ. રડવું તો જોઈએ જ નહીં. પણ એ દિવસોમાં જેટલો પ્રાર્થનામાં અને શાંતિ-કલ્યાણ એનું થાય એ ભાવનામાં અથવા પ્રાર્થનાના ભાવમાં, સતત સ્મરણમાં ઉત્તમ કર્મ કરવામાં જો આપણે એ દિવસો ગાળીએ તો એને વધારે શાંતિ લાગે છે, સારૂં લાગે છે. આપણે રડીએ છીએ, શોક કરીએ છીએ, એ કંઈ એને માટે નહીં. આપણને એને માટેનો જે મોહ છે, જે મમત્વ છે એ મમત્વને કારણે કરીએ છીએ. એનું જ જો કલ્યાણ આપણે ઈચ્છતા હોઈએ, તો આપણે જુદી રીતે વર્તી શકીએ - એવું જો આપણને પ્રત્યક્ષ જીવતું જાગતું ભાન હોય તો.

# તેર દિવસ પછીની જીવની ગતિ અને સ્થિતિ

પ્રત્યેક જીવ જ્યારે શરીર છોડી દે છે ત્યારે તરત જ કંઈ જન્મ લઈ શકતો નથી. એને તો ઘણી વાર લાગે છે. કેટલોય કાળ વહી જાય છે. અને ત્યાં અનેક જન્મોના પોતાના વાતાવરણને વાગોળે છે. એને અંગ્રેજીમાં period of assimilation કહી શકાય. એ period of assimilation ના ગાળામાં, એ તબક્કામાં જીવ અનેક જન્મોના અનુભવોને, સ્મરણોને, સંસ્કારોને, પ્રસંગોને જુદા જુદા પ્રકારના એમને જે જે પ્રકારના જન્મ જીવપણામાં લીધા હોય તેનું બધું વાગોળવાપણું અને period of assimilation ના આ તબક્કામાં વાગોળવાનું એને બને છે. એમાંથી એવું આપમેળે, સહજમેળે નક્કી થતાં અને આ પ્રકારનો આ જ જન્મમાં મારે અનુભવ લેવાનો છે અને જે પ્રકારનો અનુભવ લેવાનું આપમેળે સહજ મેળે નક્કી થાય. આ period of assimilation માં તે પ્રકારના સાનુકૂળ સંજોગોમાં તે જીવ જન્મ લે. પણ આ જન્મ લેવામાં તો ઘણો કાળ વીતી જાય. એનું કંઈ નક્કી - કોઈ ચોક્કસ ધોરણ નથી.

પ્રત્યેક જીવની, પ્રત્યેક જીવના જેવા પ્રકારના સંસ્કાર, જેવા પ્રકારની જીવદશાની એની ઉત્કટતા, જેવા પ્રકારની જીવદશાનું એમાં કામ, ક્રોધ, લોભ, મોહ એના વિશેષ પ્રકારના અથવા તો કોઈક સત્વ પ્રકારનો જીવ હોય, કોઈ ઉચ્ચ પ્રકારનો જીવ હોય, કોઈ સાધનામાં વળી ચૂકેલો જીવ હોય અને કંઈક બાકી રહી ગયેલું હોય, આવા અનેક પ્રકારના જુદા જુદા જીવો છે. તેનો જન્મ પછી જુદી જુદી રીતે અને જુદા જુદા કાળે બને છે. અમુક જ કાળમાં અમુક જ વખતે અમુક જ ગણતરીના દિવસોમાં માણસો જન્મ લે એવું કોઈ

ધોરણ નથી. તે તો એ જે પ્રકારનો જીવનનો અનુભવ લેવાને જીવ ઈચ્છતો હોય તેમ બને. આવી રીતે અનેક પ્રકારના જીવો પોતપોતાની રીતે જુદા જુદા અનુભવ લીધા કરે છે. કોઈ વખત શ્રીમંત, કોઈક વખત ખેડૂત, કોઈક વખત મજૂર, કોઈક વખત સ્ત્રી એમ જીવનના અનેક તબક્કાના જુદા જુદા પ્રકારના અનુભવો લેવાનું કર્યા કરતો હોય છે અને જ્યારે એના period of assimilation માં અનેક રીતે વાગોળતાં વાગોળતાં એ વાગોળવાનો અંત આવી જાય ત્યારે સહજમેળે હવે અમુક પ્રકારના જીવનનો અનુભવ પોતે લેવો છે એવું આપમેળે નક્કી થઈ જાય ત્યારે એ અનુભવ લેવાને માટે જે જે, એવા સંયોગ જ્યાં સાનુકૂળ બની શકે એવી શક્યતા, એવા કાળમાં એવા તબક્કાની શકયતા જ્યાં સંભવે, તેવા કાળે જ તે જીવ તેવા સંજોગોમાં પોતાને જે અનુભવ લેવો છે તેવા સંજોગો જ્યારે થઈ શકે તેવા સંજોગોમાં ત્યાંથી જન્મ લે અને ત્યારે એની સાથે આ વાગોળવાપણામાં જે નક્કી થયું હોય એવો પોતાને જે અનુભવ લેવો છે, એ અનુભવને અનુભવવાને માટે જે જે એવા બીજા જીવોની જરૂરિયાત છે એવા જીવો પણ ત્યારે તે તબક્કામાં જ જન્મે એવી સાનુકૂળતા ને યોગ્યતા જ્યારે સાંપડી શકે એવી એની યોગ્ય ગણતરી આપણે કરી શકતા નથી. ત્યારે તો એ આપમેળે તે તો એ બધાંને યોગ્ય પ્રકારનું એક સમૃદ્ધિગત રીતે સાથે ને સાથે જન્મવાનું બધાનું બનતું હોય છે, કે જેથી પોતે જે પ્રકારનો અનુભવ લેવાનું વિચાર્યું હોય એમ તો નહીં કહી શકાય, વિચારાઈ ગયું હોય તેને એને ફલિત થવાને માટે જે તે બધાં અંગઉપાંગોની જરૂર હોય તે બધાં જ ત્યારે સાથે ને સાથે હોવાં ઘટે.

**પ્રશ્ન :** મરણ વખતે ભગવાનનું નામસ્મરણ થાય તો તેથી મોક્ષ મળે એ હકીકત સાચી છે?

**જવાબ :** પ્રશ્ન તો તમે ઘણો સારો કર્યો. મરણ વખતે ભગવાનનું સ્મરણ થાય કે સ્મરણ ટકી રહે કે યાદ આવે તો તેથી

કંઈ મોક્ષ ન મળે. મોક્ષ એમ કંઈ એટલો બધો રેઢો પડ્યો નથી. પરંતુ મરણ વખતે, શરીર છૂટતી વખતે, શરીરમાંથી ચેતના જ્યારે નીકળી જાય છે, જીવ નીકળી જતો હોય છે, ત્યારે જો ભગવાનનું નામ લેવાય તો ઉત્તમ પ્રકારની ગતિ થાય છે. સદ્‌ભાવવાળી સ્થિતિમાં એનામાં કાંઈક સામાન્ય જીવ કરતાં ઊંચી ગતિવાળી સ્થિતિ થાય છે એ હકીકત માનવા જેવી છે. એનું કારણ હું તમને બુદ્ધિ સ્વીકારી શકે એવી રીતે ભગવાનની કૃપાથી કહી શકું ખરો. શરીરમાંથી રોમરોમમાંથી કોઈક પ્રકારની ચેતનની જે 'એનર્જી' - Energy કહે છે ચેતનની કોઈ શક્તિ રોમેરોમમાંથી નીકળીને કોક એક ઠેકાણે શરીરના એકેએક અવયવમાંથી, એકેએક ભાગમાંથી, રોમેરોમમાંથી, એના વાળમાંથી સુદ્ધાં એના નાનામાં નાના ભાગમાંથી પ્રાણ શક્તિ, ચેતનની પ્રાણ શક્તિ ખેંચાઈ ખેંચાઈને કોક એક ઠેકાણે એકત્રિત થઈ જાય છે. અને ક્ષણમાં આ વસ્તુ બનતી હોય છે. એક ક્ષણથીયે ઓછી ક્ષણમાં આ હકીકત બનતી હોય છે. જે આપણી બુદ્ધિમાં આવી શકે તેવી હકીકત નથી. પણ આ તે વખતે બનતી સાચે સાચી હકીકત હોય છે. તેવે વખતે આ શરીર જે છે, તે શરીરમાં રહેલું ચેતન એ તો બધું નીકળી ગયેલું હોય છે. ત્યારે આ શરીરની જે પ્રકૃતિ છે, જે દ્વન્દ્વ ને ગુણોથી બનેલી છે એ, ત્યારે એ પ્રિડોમીનન્ટ (Predominant) મહત્વપણે ભાગ ભજવી રહેલી હોતી નથી. ત્યારે એનું આ સ્થૂળ શરીર એ પણ ભાગ ભજવી રહેલું હોતું નથી. પણ ત્યારે આ જે શરીરમાંથી એ પ્રાણ-પ્રાણની શક્તિ ચેતનની-પ્રાણની શક્તિ જ્યારે નીકળી રહીને કોઈક એક પળે એક ઠેકાણે એકત્રિત - કેન્દ્રિત થઈ ગયેલી હોય છે, થઈ જતી હોય છે એ પળે એનું સ્થૂળ શરીર મહત્વનો ભાગ ભજવતું હોતું નથી. પણ સૂક્ષ્મ શરીર નીકળવાની પ્રક્રિયામાં હોય છે અને તે વખતે એનું સૂક્ષ્મ શરીર જ પ્રિડોમીનન્ટ મોટામાં મોટું મહત્વપણે ભાગ ભજવી રહેલું, શરીરમાં એક ક્ષણ માટે પણ તે વખતે એ સૂક્ષ્મ શરીર આગળ મોખરે હોય છે. સ્થૂળ શરીર મોખરે ત્યારે હોતું નથી. સૂક્ષ્મ શરીર મોખરે હોય છે. અને સૂક્ષ્મ શરીર મોખરે હોય છે

તે વખતે આ જે ભગવાનનું નામ લેવાય છે (એ ભગવાનનું નામ લેવાય છે) તેનો આધાર સૂક્ષ્મ શરીર છે, નહીં કે સ્થૂળ શરીર. અને આ મનાદિ કારણ જેને સ્થૂળ જ વળગી રહેલાં હોય છે અને જેના સ્થૂળ શરીરની જે પ્રક્રિયા કામ,ક્રોધાદિક વૃત્તિઓ આદિ 'પ્રિડોમીનન્ટ' મહત્વપણે જ્યારે ભાગ ભજવી રહેલી હોય છે. એના કરતાં આ જ્યારે શરીર આખા સ્થૂળ શરીરમાંથી ચેતનની પ્રાણ શક્તિ નીકળીને સૂક્ષ્મ શરીરમાં કેન્દ્રિત થયેલી હોય છે, ત્યારે જ્યારે સૂક્ષ્મ શરીર મહત્વપણે શરીરમાંથી જીવ નીકળતી વખતે આ સૂક્ષ્મ શરીર મોખરે રહેલું હોય છે, તે વેળા ભગવાનનું નામ લેવાતું હોય છે તે વખતે સૂક્ષ્મ શરીરનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ આદિ એનો પ્રકાર કોઈક નોખો છે. એ મન-બુદ્ધિ-ચિત્ત-પ્રાણાદિ જે છે તે આ સ્થૂળ શરીર જ્યારે જીવતું જાગતું હતું અને તેની બધી પ્રક્રિયા ચાલ્યા કરતી હતી અને એને વળગી રહેલાં જે મનાદિ કારણો હતાં એનાં કરતાં સૂક્ષ્મ શરીર જયારે મોખરે હોય છે અને સૂક્ષ્મ શરીરને જ આધારે આ મનાદિ કારણો તે પળે જે છે એ પ્રકાર અને સ્થૂળ શરીરનાં મનાદિકરણ સ્થૂળ શરીર જીવતું હોય છે ત્યારે એનાં જે મનાદિકરણ સ્થૂળ શરીરને જ વળગેલાં છે તે, તે બન્ને પ્રકારમાં ઘણો ફરક છે. ત્યારે એ જ્યારે પ્રાણ-ચેતનની પ્રાણશક્તિ શરીરમાંથી નીકળી જવાની પળે આ સૂક્ષ્મ શરીર આપણું મોખરે હોય છે. એ સૂક્ષ્મ શરીરને એ જે બોલવાની પળે એ વખતે જે છે તે સૂક્ષ્મ શરીર દ્વારા આજે ભગવાનનું નામ લેવાય છે એનું પરિણામ એ.ની સારી ગતિમાં એટલે કે એક હવે પછીના જન્મમાં એ કોઈક ભા.વનાવાળી સ્થિતિમાં એ જીવ જન્મે એવી શકયતાવાળું બની જાય છે. એટલે મરણ વખતે સામાન્ય રીતે દરેક માણસથી કંઈ ભગવાનનું નામ લેવાતું હોતું નથી. કાં તો એનો દીર્ઘકાળનો અભ્યાસ હોય, એવા જીવોથી પણ તે વખતે ભગવાનનું નામ એને યાદ રહે જ એવો કશો નિયમ નથી. આપમેળે કોકને પણ થઈ જાય છે. જેને બિલકુલ અભ્યાસ નથી, જરા સરખો પણ અભ્યાસ નથી એવા માણસોને પણ એવા માણસો પણ જો આવા જીવતા જાગતા

જેનામાં ચેતનાની નિષ્ઠા પ્રગટેલી છે એવા અનુભવી શરીરધારી આત્માઓની સાથે સંપર્કમાં આવ્યા હોય અથવા તો એમનું કામ એમણે કર્યું હોય અને ઘણું કામ કર્યું હોય, એકલ દોકલ રીતે નહીં પણ ઘણું કામ કર્યું હોય તો એવાના અને એવાની ઉપર પેલા જે મહાત્માને રાગ હોય અથવા તો એ ઉત્કટ એના માટેનો કોઈક ભાવ એના દિલમાં હોય તો એવા જીવને પણ મરણ વખતે ભગવાનનું સ્મરણ રહે છે. અને એ સ્મરણ એ માત્ર આ સ્થૂળ શરીર જ્યારે જીવતું હોય છે અને એ બોલે છે એના કરતાં જ્યારે સૂક્ષ્મ શરીર મોખરે હોય છે અને આ ત્યારે રોમરોમમાંથી ચેતનાની પ્રાણ શક્તિ નીકળી જઈને કોઈક એક ઠેકાણે કેન્દ્રિત થાય છે. આ પળનીયે પળની અંદર આ હકીકત બનતી હોય છે. તે વખતે સૂક્ષ્મ શરીર શરીરમાંથી નીકળી જવાની એકદમ તત્પરતામાં હોય છે. પણ પછી તો નીકળી જતું હોય છે, તે પળે જે ભગવાનનું નામ બોલાય છે એ, એને તો સૂક્ષ્મ શરીર કહે છે. એ સૂક્ષ્મ શરીરમાં પણ આકાશ, તેજ અને વાયુ ત્રણ તત્વો ત્યારે તૈયારીવાળાં હોય છે. એટલે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રદેશમાં એ ભગવાનનું નામ એના આધારમાં વણાઈ જાય છે. શેના આધારમાં ? સૂક્ષ્મ શરીરના આધારમાં અને આ એક બહુ મોટી પ્રક્રિયા છે. અને એમાં એવા જીવની કોઈ સારી ભાવનાવાળી ગતિની અંદર એનો જન્મ થાય છે.

## વિશ્લેષણ

(પૂ. મોટાની વાણી, અત્યુચ્ચ-મુક્ત ચેતનામાંથી નીકળેલી પરાવાણી-મનવાણી છે. તેની વાણીના અર્થની સમજ પડે કે ન પડે તેમ છતાં તેની અસર તો જે કોઈ સાંભળે તેના પર પડવાની જ. અગ્નિને સમજીને કે અણસમજથી અડીએ તો પણ તેની દાહક શક્તિનો અનુભવ તો થવાનો જ. આ દ્રષ્ટિએ પૂ. મોટાની વાણીને ભાષ્યની જરૂર નથી. તેમ છતાં સમજવામાં વાચકને થોડીક સરળતા થાય તે હેતુથી નીચે મુજબની નોંધ મૂકવામાં આવી છે.)

પૂ. મોટાએ અહીં મૃત્યુ અને મૃતાત્મા વિશે કહ્યું છે તેટલું જ તેમને કહેવાનું છે તેવું નથી. આ વિષય ગૂઢ છે અને ઘણું જ્યારે તેમને કહેવાનું હશે પણ જ્યારે તેમણે આ વિચારો પ્રકટ કર્યા તે કાળે તેમને સાંભળનાર વર્ગની જેટલી પાત્રતા હશે, તેમની સમજમાં ઊતરી શકે તેટલું જ બોલાયું છે.

પૂ. મોટા એક મહાયોગી હતા. યોગીની સંકલ્પશક્તિ આપણી કલ્પનામાં પણ ન આવી શકે તેવાં પરિણામો નિર્માણ કરવાની શક્તિ ધરાવે છે. પૂ. મોટાએ કોઈક સ્વજનને પ્રેતાત્માનાં દર્શન પણ કરાવેલાં છે. કંઈ કેટલાંયે પ્રેતાત્માઓ સાથે પ્રેમનો સંબંધ સાધી તેને મુક્ત કરાવવામાં સહાય કરી છે. સામાન્ય માનવીને તો આંખ સામે જીવાતા પ્રત્યક્ષ સ્થૂળ જીવનની પણ પૂરી ગતાગમ હોતી નથી તો પછી મૃત્યુ પછીના પ્રદેશ સુધી તો આપણી પહોંચ જ ક્યાંથી હોય ?

પૂ. મોટાની ઉપરોક્ત લખાણની વાણીમાં કેટલાક પારિભાષિક શબ્દોનો પ્રયોગ છે. ખાસ કરીને જીવ, જીવદશા, સૂક્ષ્મ દેહ, સત્વાદિ ગુણ વગેરે દર્શન શાસ્ત્રોમાં ચોક્કસ અર્થ સાથે વપરાતા શબ્દો છે. આપણે તેવા પ્રયોગોને જરા વધારે ઝીણવટથી સમજવા અહીં પ્રયત્ન કરીએ.

## મૃતાત્મા - પ્રેતાત્મા

આ શબ્દ સમજવા જેવો છે. પ્રેત શબ્દ પ્ર+ઈત એટલે પ્રકૃષ્ટ-સારી રીતે. 'ઈત' એટલે ગયેલો, એટલે પ્રેત. આપણી પંચમહાભૂત પ્રાણી સૃષ્ટિની બહાર નીકળી ગયેલો જીવાત્મા તે પ્રેતાત્મા.

પ્રેતના શરીરમાં પૃથ્વી તત્વ નથી હોતું. આથી આપણે તેને જોઈ શકતા નથી. ઊંચા પહાડ ઉપરથી પસાર થતા હોઈએ ત્યારે

આપણે વાદળાંને ચીરીને તેમાંથી પસાર થતાં હોઈએ છીએ, તેવી રીતે અનેક પ્રેતાત્માઓ આપણને અડીને, નજીકથી પસાર થતા હોય છે, પણ આપણને તેનું ભાન થતું નથી.

તેર દિવસ સુધી મૃતાત્મા તેના રાગ - Attachment ના સ્થાનમાં જ ઘૂમતો રહે છે. આપણે તેને જોઈ શકતા નથી. કારણ કે આપણે તેવી શક્તિ કેળવી નથી. મૃતાત્મા આપણને જોઈ શકે છે, બોલી શકતો નથી. પણ જોઈ અને સાંભળી શકે છે.

હવે કલ્પના કરો - કોઈ યુવાન પોતાનાં નાનાં બાળકો, યુવાન પત્ની, વૃદ્ધ પરવશ માબાપને છોડીને અવશપણે શરીર છોડી ગયો છે. કોઈને મરવું ગમતું નથી. પ્રાણીમાત્રમાં જિજીવિષાની પ્રબળ વૃત્તિ હોય છે, છતાં કાળે કરીને મરવું પડે છે. આ મૃતાત્માનો રાગ સ્વાભાવિક રીતે જ તેને પોતાનાં બાળબચ્ચાં, પત્ની, માતાપિતા અને ઉપરાંત બીજાં કેટલાંયે છાનાં રાગસ્થાનો હોય છે. શરીર છોડયા પછી તે પોતાનાં છોડેલા સ્થૂળ શરીર આસપાસ ઘૂમે છે. પોતાનાં પ્રિય સ્વજનોને રડતાં, કકળતાં, માથું ને છાતી કૂટતાં જુએ છે. તેનું શરીર જ માત્ર છૂટી ગયું છે, પણ તેનાં રાગ, વાસના, ઈચ્છા, અહંકાર વગેરે તો એવાં ને એવાં છે. બેઘર બનેલા માણસની ઈચ્છા, સૌથી વધારે તો કોઈ જગ્યાએ સ્વસ્થ થઈ, ઠરીઠામ પડવાની હોય છે. તેવું ન બને ત્યાં સુધી તેને ચેન પડતું નથી. આવી પરિસ્થિતિમાં મુકાયેલા જીવની પાછળ કલ્પાંત થતું તે જ્યારે જોતો હશે ત્યારે તેને શું થતું હશે?

આપણે રડીએ, કકળીએ છીએ તે માત્ર આપણી પરિસ્થિતિ પર આપણો જેનામાં ભારેમાં ભારે રાગ હતો તે જીવ આપણા બચાવવાના પ્રયત્નો છતાં, આપણી અનિચ્છા છતાં ચાલ્યો ગયો છે તેથી રડીએ છીએ. તેના અભાવે હવે આપણને કેવી વિટંબણા સહન કરવાની આવશે તેના ખયાલથી આપણે શોક કરીએ છીએ.

આપણે પોતે જ સહાયને પાત્ર બની જઈએ છીએ. જો કે આપણે હજી અનેક પુરૂષાર્થ અને પરાક્રમની ક્ષમતા ધરાવતા પંચમહાભૂતના શરીર સાથે જીવી રહ્યાં છીએ. તો પણ આપણને ખયાલ પણ નથી આવતો કે જીવ ગયો છે તે આપણા પ્રાકૃત વર્તનથી પીડાય છે. જો પ્રેમ હોય તો ગયેલા જીવની હવે જે રીતથી, જે સાધનાથી સેવા થઈ શકે, તેને શાંતિ, કરાર વળે તેવી રીતે કંઈ કરી છૂટવાની વૃત્તિ, ભાવના થવી જોઈએ. પ્રેમ પોતાના પ્રીતિપાત્રના સુખનો જ વિચાર કરે છે, પોતાના સુખચેનનો નહીં. પણ આપણે આ રીતે કોઈના અવસાનકાળે વર્તી શકતાં નથી. આથી સિદ્ધ થાય છે કે આપણને ગયેલા જીવ માટે પ્રેમ ન હતો, માત્ર મૂઢ મોહ કે રાગ જ હતો. જો જીવતો જાગતો પ્રચંડ પ્રેમ હોય તો તે આપણને સુયોગ્ય રીતે જ વર્તન કરવા પ્રેરે.

આથી મરેલાની પાછળ ખૂબ ધીરજ, શાંતિથી ચિરાયેલા હૃદયમાંથી નીકળતી આર્દ્ર પ્રાર્થના પ્રભુ પ્રત્યે મૃતાત્માની શાંતિ માટે કરવી જોઈએ. આ જ સાચી સેવા છે. ભાગવતમાં 'સ્વજન'ની વ્યાખ્યા આપી છે કે જે ભગવાનનો ભાવ આપણામાં જગાડે ને વધારે તે જ આપણું સાચું સ્વજન.

### જીવદશા

જીવદશા એટલે વાસના, ઈચ્છા અને અહંકારને વશ જીવવાની દશા. વાસના કે ઈચ્છા હોય ત્યાં સુધી અહંકાર હોય, વાસનાને અકબંધ રાખી આપણે ધ્યાન, ધારણા, જપ-તપાદિ લાખો સાધનો કરીએ તોપણ અહંકારથી મુક્ત ન થવાય. અહંકારથી મુક્ત થવા માટે વાસના, ઈચ્છાથી મુક્ત થવું ઘટે. ઈચ્છા ગઈ કે અહંકાર જવાનો. જ્યાં સુધી વાસના - ઈચ્છા હોય ત્યાં સુધી ભગવાનના નામમાં સતત એકધારી અખંડ રીતે લીન રહેવું શક્ય

નથી. ઈચ્છા અને અહંકારનું અસ્તિત્વ સાપેક્ષ છે. એક હોય તો બીજો પણ હોય, એક ન હોય તો બીજો પણ ન હોય.

ઈચ્છા - અહંકારવાળી દશા તે જ જીવદશા. ઈચ્છા - અહંકારથી મુક્ત થતાં જીવ શિવ બને.

## સૂક્ષ્મ શરીર

દર્શન શાસ્ત્રો સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એવાં ત્રણ શરીરની વાત કરે છે. સ્થૂળ શરીર છૂટી જતાં જીવ સૂક્ષ્મ દેહમાં રહે છે., સૂક્ષ્મ શરીરની સાથે કારણ શરીર પણ હોય છે. જેવી રીતે વૃક્ષના વિકાસને પોષણ માટે મૂળને પાણી, ખાતર આપવાં પડે છે. આ રીતે દુઃખ, રોગ, રાગ, વાસના કારણ શરીરમાંથી નીકળે ત્યાર પછી જ સૂક્ષ્મમાંથી અને સ્થૂળમાંથી નીકળે છે.

## સત્વ, રજસ્, તમોગુણ

પ્રમાદ, આળસ, નિદ્રા વગેરે તમોગુણનાં લક્ષણો છે. તમો - ગુણમાં ગતિ નથી. રજોગુણમાં હેતુની સ્પષ્ટતા વિનાની દોડધામ, ધાંધલ-ધમાલ હોય છે. ગતિ છે પણ હેતુ ને દિશા વિનાની. સત્વગુણમાં હેતુના ભાનવાળી દિશાના સ્પષ્ટ ખ્યાલવાળી સંયમિત ગતિ હોય છે. દરેક માણસમાં આ ત્રણે ગુણો હોય છે. કોઈક ગુણ પ્રધાન તો બીજા ગુણ ગૌણ પણે રહે છે. ત્રણે ગુણો ઉપયોગી બને છે - જ્યારે આપણો તેમના ઉપર કાબૂ આવે. જીવદશામાં તો ગુણો જ આપણને કાબૂમાં રાખે છે.

## અંતકાળે નામસ્મરણથી મુક્તિ મળે ?

ભાગવતમાં એક અંતકાળે પડેલો માણસ પોતાના પુત્ર 'નારાયણ'ને બોલાવે છે ને તેની સદ્ગતિ થાય છે એમ કહેલું છે. ભાગવત કાવ્ય છે અને તેમાં ભગવાનના નામના સ્મરણમાં કેટલું સામર્થ્ય છે તે કાવ્યાત્મક રીતે દર્શાવ્યું છે.

પૂ. મોટાએ આ વિષયને ખૂબ બુદ્ધિગ્રાહ્ય બનાવ્યો છે. તેઓ કહે છે કે અંતકાળે જીવ શરીરમાંથી ખેંચાઈ ખેંચાઈ એક સ્થાનમાં કેન્દ્રિત થાય છે. આ રીતે કેન્દ્રિત થયેલો જીવાત્મા ભગવાનના નામનો આર્ત-પોકાર કરે તો તેને ખૂબ ઊંડો સંસ્કાર પડે છે અને તે સંસ્કાર ઉદય પામી સદ્ગતિ તરફ લઈ જાય છે. એકાગ્રતા અને કેન્દ્રિતતા કેટલી સમર્થ શક્તિ ધરાવે છે તે આથી સૂચવાયું છે. આપણે શક્તિથી ભરપૂર હોવા છતાં આ શક્તિ વેરાયેલી - વિખરાયેલી પડી છે. આ શક્તિને એકાગ્ર ને કેન્દ્રિત કરવાની જરૂર છે. ભગવાનના નામના સ્મરણથી શક્તિ એકાગ્ર ને કેન્દ્રિત બને છે અને આખરે એકાગ્રતા સમગ્રતામાં ફેરવાય છે. વરાળને જ્યારે એકાગ્ર ને કેન્દ્રિત કરવામાં આવે ત્યારે આગગાડી જેવાં વાહનોને ચલાવે છે. સૂર્યનાં કિરણોને લેન્સથી એકાગ્ર કરવામાં આવે તો તે શક્તિ બની જાય છે. એકાગ્રતાથી લેવાયેલું ભગવાનનું નામ સદ્ગતિ તરફ દોરી જાય છે.

★★★★★

★★★

★

卐 ❀ 卐

# મૃત્યુ સંદેશ

તમારા સ્વજનના મૃત્યુ સમાચાર પ્રસંગે તમને દુઃખ થાય એ સ્વાભાવિક છે. સાથે જણાવ્યા મુજબ પ્રાર્થના ગત જીવાત્માના કલ્યાણ અર્થે ઓછામાં ઓછા સોળ દિવસ સુધી સવાર સાંજ અડધો કલાક યા એક કલાક સૌ સાથે મળીને સમૂહમાં અથવા વ્યક્તિગત કરશો તો ગત જીવાત્માને માટે તે શ્રેયસ્કર છે.

ગયેલા અત્માને, મન હૃદયથી આપજે શાંતિ પૂરી,
બધી રીતે એનું, પ્રભુ કરાવજે, સર્વ કલ્યાણ, શ્રીજી
બધા જીવો સાથે, ગત જીવનમાં, જે થયેલા સંબંધ,
કરાવી દ્યો એને, સહુ તરફથી, સાવ નિશ્ચિંત મુક્ત.

હરિ ૐ

- શ્રી મોટા

● મૃત્યુ અને જીવન એક જ જીવનતત્વનાં બે દર્શન છે.

- શ્રી મોટા

● જીવન કંઈ કાળ પ્રવાહમાં તણાયા કરતું માત્ર લાકડું નથી, પણ જીવન એ તો કાળને પણ વશ રાખી શકે એવી ચૈતન્ય શક્તિનો આવિર્ભાવ છે.

- શ્રી મોટા

● મૃત્યુ પ્રતિ માનવીને હમેશાં અણગમો અને બીક રહ્યાં કર્યાં છે. તેનું કારણ તેની અપરિવર્તનશીલ મનોદશા અને અગમ્ય વિશેની ભીતિ છે.

-શ્રી મોટા

● મૃત્યુની પાછળ શોક કરવાની અસાત્વિક વૃત્તિમાં, લાગણીમાં નરી આસક્તિ છે અને અજાણી ઊંડી સ્વાર્થવૃત્તિ પણ હોવા સંભવ છે.

-શ્રી મોટા

● પ્રતિક્ષણ બદલાઈ રહેલા વિશ્વમાં જીવનના જેટલું જ મહત્વ ધરાવતી વસ્તુસ્થિતિ મૃત્યુમાં છે. જીવન અને મૃત્યુ, ઉભયનું વાસ્તવિક સ્વરૂપ એક જ છે. જ્યાં મૃત્યુ છે ત્યાં નૂતન જીવન પણ છે, ને જ્યાં જીવન છે ત્યાં મૃત્યુનું પરિણામ પણ નિશ્ચિત છે.

-શ્રી મોટા

# આત્મ સંબોધન

હે, જિહ્વા!

તને સદાય માત્ર મધુર જ પ્રિય છે.

રસોનાય રસને તું ઓળખ, બીજું બધું તજી

માત્ર નારાયણ - નામ રૂપી અમૃતનું જ નિરંતર પાન કર.

હે કાન!

તને શબ્દ માત્ર જ પ્રિય છે.

(સર્વાધિક) મધુર શબ્દને તું જાણે છે?

અમૃતથીય કોટિ-ગુણ અધિક એવા કૃષ્ણ-નામ-યશરૂપી પરમ મધુર શબ્દનું જ સદા શ્રવણ કર.

હે મન!

સંકલ્પ-વિકલ્પ કરવા એ જ તારું કામ છે.

બધા મિથ્યા કારભારનો ત્યાગ કરીને,

હે સુહૃદ મન!

પરમ મંગલ એવા કૃષ્ણ નામનો જ સદા સંકલ્પ કર.

હે હૃદય!

આ બ્રહ્માંડની અંદર જેટલી વસ્તુઓ છે,

તે તને પૂરતી થવાની નથી.

(માટે) તેમને ત્યજી કૃષ્ણ નામ રૂપી

અક્ષય અમૃત પીને, હે હૃદય! તું સંતુષ્ટિ પામ.

હે બુદ્ધિ! સાંભળ,

કેવળ નિશ્ચય કરવો એ જ તારો ધર્મ છે.

(તો) બધા વિલાસી વિષયોને તજીને,

સદા શુદ્ધ સુમંગલ,

અક્ષય એવા કૃષ્ણના નામનો જ માત્ર નિશ્ચય કર.

હે અહંકાર! સાંભળ!

તું આત્મ-નાશક ચિંતા - ધારાથી નિવૃત્ત થા.

મિથ્યા અહંતા - મમતાને તજી દે.

શ્રી કૃષ્ણ (જ) પરમ ઈશ્વર છે : તેમનો દાસ થઈ જા.

સાધુઓની સંગતે કૃષ્ણને ભજી લે.

હે ચિત્ત!

આ પરમ રહસ્ય-વાણી સાંભળ.

તું શુદ્ધ જ્ઞાનનું નિવાસસ્થાન છે.

શ્રી કૃષ્ણ નિત્ય શુદ્ધ બુદ્ધ પરમ ઈશ્વર દેવ છે.

તેમનો આશ્રય ના છોડીશ.

શ્રી કૃષ્ણ જ મારા સમીપતમ;

ઈષ્ટ, આત્મા, પ્રિયતમ, ગુરુ, સુહૃદ, સહોદર, સખા છે.

કૃષ્ણમાં જ મારી મતિ-ગતિ હો.

કૃષ્ણમાં જ મારી ભક્તિ-રતિ હો.

કૃષ્ણનાં ચરણોમાં જ મારું મન નિમગ્ન થાઓ.

'નામઘોષા સાર' માંથી
ઉધ્ધૃત

-●-●-●-

# પ્રાર્થના

પરમ બ્રહ્મ રે પ્રાણ ધારક, પ્રણત ભક્તના પાપ હારક,
ચરણ પંકજે વંદીને સદા, પ્રભુ હું માગું છું પાપની ક્ષમા.
પ્રભુ અતર્ક્ય છો તર્ક શું થશે, મતિ મનુષ્યની તો ભમી જશે,
નવ કરી શકે કોઈ કલ્પના, પ્રભુ હું માગું છું પાપની ક્ષમા.
વિદિત છે તને કૃત્ય તો બધું, વિનંતી શું કરું નાથને વધુ,
તુજ પદે ધરી શુદ્ધ ભાવના, પ્રભુ હું માગું છું પાપની ક્ષમા.
ગણતરી નથી દુષ્કૃત્ય તણી, તદાપિ નાથની છે દયા ઘણી,
નમી નમી કરું નિત્ય વંદના, પ્રભુ હું માગું છું પાપની ક્ષમા.
વિધિ નિષેધનાં નીમ તેં કીધાં, નહીં તથાપિ મેં લક્ષમાં લીધાં,
સુમતિ સૂચવો સત્ય ચિત્ઘના, પ્રભુ હું માગું છું પાપની ક્ષમા.
પ્રભુ કૃપા કરી રક્ષણ કરો, દિન જન સ્થિતિ લક્ષમાં ધરો,
નથી શરણ્ય કો નાથ તું વિના, પ્રભુ હું માગું છું પાપની ક્ષમા.
પરમ દેવ હે દયાદાન અનુગ્રહો કરો છો તમે સદા,
પૂરી કરો તમો ભક્ત કામના, પ્રભુ હું માંગું છું પાપની ક્ષમા.
અતિ મલીનતા છે મતિ વિષે, શુભકૃતિ થકી શુદ્ધ તો થશે,
પ્રભુ કરો કૃપા દૃષ્ટિ સર્વદા, પ્રભુ હું માગું છું પાપની ક્ષમા.
મુજ વિરામ છે આપણો ઘણો, દૂર કરો દયા નાથ દુર્ગુણો,
શુભ મનોરથો ધારું હું ઘણાં, પ્રભુ હું માંગું છું પાપની ક્ષમા.
પ્રભુ પ્રણામ સાષ્ટાંગ હું કરું, હૃદયમાં રૂડું ધ્યાન હું ધરું,
ભવપતિ સુણો અલ્પ પ્રાર્થના, પ્રભુ હું માગું છું પાપની ક્ષમા.
પરમ બ્રહ્મ રે પ્રાણ દાયક, પ્રણત ભક્તના પાપ હારક,
ચરણ પંકજે વંદીને સદા, પ્રભુ હું માંગું છું પાપની ક્ષમા...

■○■○■

# પ્રાર્થના

મન વાણી ને કર્મથી વંદુ સદ્‌ગુરુદેવ,
આશા તૃષ્ણા ત્યાગી ને કરું સદા હું સેવ.
સત્ય સ્વરૂપ સમજાવીને આપ્યું નિર્મળ જ્ઞાન,
માયા મોહ છૂટી જતાં થયું સ્વરૂપનું ભાન,
આપ વિના આ વિશ્વમાં કો નહીં મમ આધાર,
આપ જ તારણહાર છો, આપ જ મારણહાર,
જેવો ગણો તેવો જ હું દાસ તણો પણ દાસ,
દયા કરી દેજો મને આપ ચરણમાં વાસ.
સદા હૃદય વિષે રહો સદાય રાખો રહેમ,
હું લહરી સાગર તમે, એમાં કાંઈ ન વ્હેમ.
સર્વ રીતે હું આપનો હે દીનબંધુ દેવ!
કરુણા થતાં આપની, મુક્તિ મળે તત્ખેવ.
કોટિ કોટિ વંદના આપ ચરણ મોઝાર,
કૃપા રૂપી નૌકા વડે ઉતર્યો ભવ જલ પાર.
જગના સર્જનહાર જે જગના તારણહાર,

તે પરબ્રહ્મ પરમાત્માને વંદુ કોટિ વાર.
કોટિ કોટિ પ્રણામ હો હે ભવ તારણહાર,
આપ વિના આ રંકનો કોણ કરે ઉધ્ધાર.
કરુણાસાગર આપ છો જ્ઞાન તણા ભંડાર,
સ્હેજ કૃપા જો થાય તો થાયે બેડો પાર.
તન મન ધન અર્પી દીધાં હવે ન હું હકદાર,
ફાવે તેમ તમે કરી શકો હે મમ, પ્રાણ આધાર.
હું પોતે પણ આપનો સદાય તાબેદાર,
અજ્ઞાની મતિમંદ હું આપની ભાવનહાર.
અચિંત્ય ને અવ્યક્ત રૂપ નિર્ગુણ નિર્વિકાર,
કરુણા સિંધુ સદ્‌ગુરુ સાચા તારણહાર.
જેણે પૂર્ણ કૃપા કરી આપ્યું આતમ જ્ઞાન,
તે સદ્‌ગુરુ ચરણે નમું તજી દેહ અભિમાન.

ૐ..........ૐ..........ૐ

(રાગ - આત્મા ઉડી જવાનો એકલો રે...)

સંગપણ સાચું છે સીતારામનું રે
કોણ તારી સાથે છે આવનાર.......સગપણ સાચું....
સગાં સંબંધી સ્મશાને આવશે રે
ન આવે પ્રીતમ કહેનારી તારી નાર.......સગપણ સાચું....
દીકરો મોટો હૈયાનો હાર છે રે
એ તો તારા અંગુઠે આગ મૂકનાર.......સગપણ સાચું....
કંચન જેવી કાયા તારી બાળશે રે
ખોળી ખોળી ને કરશે ખાખ.......સગપણ સાચું....

■■■

(રાગ - મનવા શાને સંસારમાં આવીયો રે)

એક દિન જાવું છે જીવને એકલા રે
મૂકી માયાનો સઘળો સાથ (૨)........એક દિન
મૂકી માતાપિતા ને બંધવા રે
મૂકી પત્ની પુત્ર પરિવાર (૨)........એક દિન
મૂકી મહેલ મેડી ને માળીયા રે
મૂકી ધામ ધરા ધનમાલ (૨)........એક દિન

(રાગ - મુખડાની માયા લાગી રે...)

હરિ ગુણ ગાતા ગાતા રે... મૃત્યુ હું માંગું,
પ્રભુ પ્રસાદ ખાતા ખાતા રે,..................મૃત્યુ હું માંગું,
ઝડીયો ધૂનોની વર્ષે, માયા ત્યાં તો નવ સ્પર્શે,
સંભારું હું શ્વાસે શ્વાસે રે, મૃત્યુ હું માંગું
પોકારું પ્રભુને વ્હાલા, આંસુડાં આંખેથી ચાલે
શરીર ધ્રૂજે ભાન ભૂલું રે,......................મૃત્યુ હું માંગું
માળા મારા હાથે ઝાલું, હરિ નામ સ્વાદ ચાખું
સર્વત્ર હરિને ઝાંખું રે,.........................મૃત્યુ હું માંગું
હરિ કેરા હૈયે વસું, પાપ ત્યાંથી જાય નાશી
સેવક છોડી દે શ્વાસા રે,......................મૃત્યુ હું માંગું.

■■■

ભક્તિમાં આવે વિઘન આ રે સંસારમાં
ભૂખે મારૂં ને ભોંય ભેગો સુવાડું તનની હું
તોડી નાંખુ ખાલ..આ રે
પહેરવાને વસ્ત્ર નહીં ખાવાને અન્ન નહીં
સગા-વ્હાલાનું સાલે સાલ..........આ રે સંસારમાં
આવું દુઃખ હોય તોયે મુજને ના ભૂલતા
દીનમણી કરી નાંખે ન્યાલ..........આ રે સંસારમાં
ધ્રુવ પ્રહ્લાદ સુધન્વા ને તારીયા
ભવથી ઉતારી દીધો પાર.......... આ રે સંસારમાં

(રાગ - વ્હાલા મારા હૈયામાં રહેજે, ભૂલું ત્યાં ટોકતો રહેજે)

સમય મારો ચાચવજે વ્હાલા, કરું હું તો કાલાવાલા
અંત સમય મારો આવશે જ્યારે, દેહનું નહીં રહે ભાન
એ રે સમયે મુખે તુલસી દેજે, દે જે યમુના પાન સમય....
જીભલડી મારી પરવશ બનશે ને હારી બેસું હું હામ
એ રે સમયે મારી વ્હારે ચઢીને રાખજે તારૂં નામ.સમય...
કંઠ રૂંધાશે ને નાડીઓ તૂટશે ને તૂટશે જીવનદોર
એ રે મારા હલબેલાજી, કરશે બંસી શોર.સમય...
આંખલડી મારી પાવન કરજે ને દેજે એક જ લ્હાણ
શ્યામ સુંદર તારી ઝાંખી કરીને પુનિત છોડે પ્રાણ.સમય...

(રાગ - પંખીડાને આ પીંજરૂં જૂનું જૂનું લાગે)

કાયાનું રૂડું પીંજરૂં છોડીને જવાનું
સમજી લે હંસા ધાર્યું ધણીનું થવાનું...કાયાનું રૂડું...
કોના માતા કોના પિતા કોના ભાઈ ભેરૂ
સાથે નહીં આવશે કોઈ જવા થાશે તેડું
પરભવનું લેણું દેણું પૂરું થઈ જવાનું....કાયાનું રૂડું...
ભલે હોય રાજા મોટો ભલે હોય ભિખારી
સૌના માટે છે સરખી અગન પથારી
સપના જેવું સુખ આ ક્યાંથી ટકવાનું....કાયાનું રૂડું...
રામની રમતની ભેદો તું તો નહીં જાણે
ભોગવવું પડશે તારા કર્મો પ્રમાણે
બિન્દુ સૌ જગના મેડે વીખરાઈ જવાનું...કાયાનું રૂડું...

આ કોણે બનાવ્યો પવન ચરખો
એના ઘડનારને તમે ઓળખો રે...(૨)...આ કોણે.
બોલ બોલાવે સબ ઘટ બોલે
જ્યાં જોઉં ત્યાં સરખો
દેવળે દેવળે દે રે હુંકારો..(૨)
પારખ થઈને પારખો રે...આ કોણે.
પંચ તત્વકો બનાયા રે પુતલા
ખેલ દેખીને તમે નીરખો
પવન પુતળી રમે ગગનમાં...(૨)
નુરતે સુરતે સરખો રે...આ કોણે.
ધૂળના ઢગમાં જ્યોતિ જલતે હૈ
અંધારા મીટયા નહિ અંદરકા
એ રે અજવાળે અગમ સૂઝે રે..(૨)
ભેદ મીલે ઉસ ઘરકા રે... આ કોણે.
કહે રવિદાસ સદ્‌ગુરુ સાચા
મૈં ગુલામ ઉસ ઘરકા
આ ચરખાની આશા ન કરશો..(૨)
ચરખો નહીં રહે સરખો રે...આ કોણે.

ॐ

## (રાગ - પરદેશીઓ સે ના અખીયાં મીલાના)

ચેતી જા માનવ આ છે પંખીનો મેળો
એક દિન જાવું તારે મોડો કે વ્હેલો..ચેતી જા...
હો..... લક્ષ ચોર્યાસી ફેરાનો ચરખો (૨)
મળ્યો છે તુજને આ માનવનો મનખો (૨)
ઢીંગલા ને ઢીંગલીના માંડયા શા ખેલો..ચેતી જા...
હો..... પરમારથની બાંધ પરબડી (૨)
દેશે દુઆ તુજને દિલની આંતરડી (૨)
વેર ને ઝેર કેરી આંટી ઉકેલો..ચેતી જા...
હો..... આંખે અમીરસ છલ છલ છલકે (૨)
હરિ ભજન કર તું પલકે પલકે (૨)
દોડી ને ભળી જા એવા ભક્તોના ભેળો..ચેતી જા...
હો.... ઘડી બે ઘડી છે, સુખોની છાયા (૨)
રાખ થશે આ તારી કંચન જેવી કાયા (૨)
બિંદુ કહે છે નહીં તો ફોગટ છે ફેરો..ચેતી જા...

●●●●●●

ગુણ ગોવિંદના ગાઓ (૨)
કર્યું હતું તે આજે મળ્યું, ખાઈયે આજે વાસી દળિયું
એવું હજુએ વાવો, ગોવિંદના ગુણ ગાઓ....
જેવું વાવશો તેવું લણશો, આપશો તેવું પામશો
કર્મ પ્રમાણે ફળ પામો, ગોવિંદના ગુણ ગાઓ....
દાસ, સુત, લક્ષ્મી સૌ મળશે, સંત સમાગમ નહીં સાંપડશે
લક્ષ ચોર્યાસી છૂટી જાઓ ગોવિંદના ગુણ ગાઓ....
ગુણ ગોવિંદના ગાઓ....

(રાગ - દિલકે અરમાં આંસૂ....)

હો જીવલડા ભક્તિ કરી લે રામની (૨)
અંત સમયમાં એ છે તારા કામની.... હો જીવલડા...
આ રે દેહ મનુષ્ય ફરી નહીં મળે (૨)
તેથી કરી લે માળા જપી લે રામની.... હો જીવલડા...
આ ધન દોલત તારા સાથમાં ન આવશે
આંખ મીંચાતા એ બધું અહીં રહી જશે
તેથી કરી લે માળા જપી લે રામની... હો જીવલડા...
તારા મારામાં ફસાયો માનવી
તું ચિંતા છોડી દે ને આખા ગામની
તેથી કરી લે માળા જપી લે રામની... હો જીવલડા...
આ સમય તો હવે ફરી નહીં એ આવશે
નહીં માને તે પાછળથી પસ્તાય છે
તેથી કરી લે માળા જપી લે રામની.....હો જીવલડા...

કાશી જશો કેદાર જશો જશો અમરનાથ
મા બાપને ના સેવશો તો રીઝે રઘુનાથ
રઘુપતિ રાઘવ રાજારામ....

ચંડી કરો યજ્ઞ કરો કરો પૂજા પાઠ
મા બાપને ના સેવશો તો રીઝે રઘુનાથ
રઘુપતિ રાઘવ રાજારામ....

પુંડલીકે તો માત તાતની જ્યાં સેવા બજાવી
પ્રસન્ન થઈ પ્રભુજી ઊભા દ્વાર સજાવી
આસન માટે ઈશ્વરને જેણે ઈંટ બતાવી
મા બાપ સેવા કીધી જેણે ઈશ્વર રીઝાવી....
મા બાપને...

શ્રી કૃષ્ણ કારાવાસથી જેને મુક્તિ અપાવી
પિતાના વચન પાળવા રામે ગાદી ગુમાવી
કડવાં વચન કૈકેયી માતાનાં દિલમાં છુપાવી
માતાનાં આશિષ લઈને સ્વીકારી લીધો વનવાસ.. !
મા બાપને..

મા બાપ કારણ શ્રવણ તું કાવડ ઝુલાવે
ખુલ્લા પગે ચાલીને તીર્થયાત્રા કરાવે
મૃત્યુ સામે ઝૂકીને જલપાન કરાવે
મા બાપ ચરણ સેવજો જુઓ સેવાની તાકાત..
મા બાપને...
રઘુપતિ રાઘવ રાજારામ...

(રાગ - ક્યા કરતે હો સાજના)

ધારેલું તારું થાય ના ધાર્યું ધણીનું થાય
રાખજે ભરોસો મારા રામનો....(૨)
વાદળા બધાએ વિખરે
રાખજે ભરોસો મારા રામનો....(૨)
બેસી જા તું તો એને સહારે
નામ રટી લે તંબુર તારે
મૂંઝવણમાં એ મારગ કાઢે
નાવડી તારી પાર ઉતારે
હિંમત ના હાર, પ્રભુ ને પોકાર
એના શરણમાં ઝૂકતા વાંકો ન થાય વાળ
રામ રખવાળી કરે, બેડો તારો પાર...
રાખજે ભરોસો...
જેના ઉપર રામજી રાજી
એની સુધરે જીવનબાજી
માયા મમતા જેણે ત્યાગી
એના ભવની ભાવટ ભાંગી
રાખીને વિશ્વાસ, ગાડું તું તારું હાંક
બિંદુનો નાથ, કરે ના નિરાશ...
રાખજે ભરોસો....

(રાગ - તૂ જબ જબ મુઝકો પુકારે)

સાખી

ઓ ધરતી ચાંદ ગગન રે....
આ નદીયા પવન લહર રે...
તું તો કરી લે હરિનું ભજન રે...
સફળ થાશે તારૂં જીવન રે...

ચલતી

તું શાને બાંધે પાપનો ભારો
માથે બેઠો ઉપરવાળો
બીજો કોઈ નથી સથવારો
તારા અંત સમયનો સહારો
માટે ભજ હરિ હરિ તક મળે નહીં ફરી.
મારા ભોળા માનવી આ જિંદગી વહી જાશે
અહીંનું અહીં રહી જાશે...

જન્મ સમયનો કોલ તું કેમ કરીને ભૂલી ગયો
સુખમાં ઘડીને મનવામાં, માયામાં તું ભૂલી ગયો
સાથે કોઈ ના આવશે, સઘળા તને ભૂલાવશે
કંચનની કાયા તારી આગ મૂકી સળગાવશે
માટે ભજ હરિ હરિ તક મળે નહીં ફરી...

લાજ રાખી મહેતાની ભક્ત પ્રહ્લાદ તરી ગયો
વીરપુર ગામે જોગી જલારામ નામ અમર કરી ગયો
ઝેરના પ્યાલા મીરાએ અમૃત જાણીને પીધાં
એવા વ્હાલાએ ભક્તોનાં દોડી દોડી કામ કીધાં
માટે ભજ હરિ હરિ તક મળે નહીં ફરી...
તું શાને બાંધે પાપનો ભારો....

(રાગ - એક દો તીન)

મેલી દે મારું ને તારું તું
આ જગમાં કાંઈ ન તારું
જાવું તારે (૨) મોટે દરબાર
અલ્યા તારા સુના થશે ઘર ને બાર.

ખાધું પીધું ને ભેગું કર્યું
ભક્તિનું ના ભાથું ભર્યું
મૃત્યુનું ચક્કર જ્યાં માથે ફર્યું
બચવાનું ના બારું જડયું....જાવું તારે

અટકી જાશે ઘટનું ઘડિયાળ
પૂરો થશે જીવનનો તાલ
પાણી વહેતા પહેલાં બાંધી લે પાળ
સંતો કહે, કોણે દીઠી છે કાલ...જાવું તારે

માટી ભેળી માટી થાશે
ખાલી હાથે તું તો જાશે
સગાને વ્હાલા સહુ ભૂલી જાશે
બિંદુ સફર તારી પૂરી થાશે...જાવું તારે

દુનિયામાં તું આવ્યો તો અમર નામ કરી જા
જીવન બને જો ઝેર તો એને પચાવી જા.

દુનિયા દીવાની કોઈની ના થઈ કે થવાની
પળ પળ વિચારી જો ને તારી જાય જુવાની.

દુ:ખ રૂપ આ સંસારને તું પાર કરી જા
જીવન બને જો ઝેર તો એને પચાવી જા.

દુ:ખથી ભરી છે દુનિયા હિંમત ન હારજે
દુ:ખ કોઈ ના સૂણે તો પ્રભુને પોકારજે.

દુનિયા બને જો આગ તો તું નીર બની જા
જીવન બને જો ઝેર તો એને પચાવી જા.

મારું ને તારું મૂકી દે આ ખેલ છે ખોટા
દુનિયા તણા સંબંધ અને સ્નેહ છે ખોટા.

હરિ ભક્તિ રૂપી પ્રેમરસ અમૃત પીને જા,
જીવન બને જો ઝેર તો એને પચાવી જા.

ॐ

ગાઈ લે ગાઈ લે પ્રભુનાં ગુણલાં પ્રેમે ગાઈ લે
બેસી જા બેસી જા પ્રભુ ભજનમાં પ્રેમે બેસી જા.

તું રામ ભજીલે મનવા તારી સાચી કમાણી ભરી લે
આ કાચની કાયા ફૂટી જશે, તારી પુણ્યની પોટલી બાંધી લે.

આ ભૂલવણીના બજારમાં તું કામની ચીજો શોધી લે
આ હીરો હરિનો હાથ જડે તો, ફરી ફરીને ગોતી લે...તું (૨)
ગાઈ લે ગાઈ લે પ્રભુનાં ગુણલાં પ્રેમે ગાઈ લે...

મારું મારું કરીને માનવ, પોતે અહીં લૂંટાયો છે.
સાચા ને વળી જૂઠા કરીને દોલત તું કમાયો છે

કાચી માટીની છે કાયા તારી
હરિ ભજવાની કર તૈયારી (૨)
ગાઈ લે ગાઈ લે પ્રભુનાં ગુણલાં પ્રેમે ગાઈ લે...

તું છૈયાં છોકરાં જોરૂ સાથે બંધનમાં બંધાયો છે,
આઠે પોર કામ કરીને નિંદરમાં ખોવાયો છે.

ધરમ કરમની વાતો ના જાણે, કર્મોમાં લપટાયો છે,
તારા માટે તું પ્રભુને ભજે, તારે માથે કાળ છુપાયો છે... (૨)
ગાઈ લે ગાઈ લે પ્રભુનાં ગુણલાં પ્રેમે ગાઈ લે...

卐

તારી આનાકાની કાંઈ ના ચાલે
જ્યારે એવા દિન આવશે
તારે મોટા ઘરનું તેડું એક દિન આવશે.

બિસ્તર સાથે નહિ રહેવાશે
સંદેશો પણ નહિ કહેવાશે
તુજમેં મારા ઘરમાં રહેતી
એકલડો તુજ આવશે... તારે મોટા ઘરનું

સગાં સંબંધી રોતાં રહેશે
રોતા રોતા તને વિદાય દેશે
મારગડામાં ખાવા માટે
ભવનું ભાથું ના બંધાવશે... તારે મોટા ઘરનું

જીવન તો એળે પુરૂં થાશે
આવ્યો એવો જગથી જાશે
રામ ભક્ત જો થયો નહીં તો
દર્દર ઘર ભટકાવશે... તારે મોટા ઘરનું

રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ.
રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ.

ગુરુ દેવ તુમ્હારી જય જય હો (૨)
રામ ચંદ તુમ્હારી જય જય હો.

ઘડી રે ઉપર ઘડીયાળા રે વાગે ને ઉંમર ઓછી થાય
આ રે અવસર છે હરિ ભજવાનો કહો કેમ રહીએ સૂઈ.

નાના થકી મોટેરા રે કીધાં, માતા મંગળ ગાય,
કાળ અવસર તો કોઈએ ન દીઠો, ઓચિંતો વળી આવે.

જોબનીઆનાં મોજાં ને ફોજાં જાય નગારા દેતી,
અંતકાળ તો આવીને રહેશે, કોઈ ન શકયો ચેતી.

સંસાર સઘળો કાળે ખાધો આખર આવર કૂડો
જમદૂત તો જોતા રહેશે, હરિને નામે છૂટો.

હરિને ભજીએ ને હરિ શું તરીયે, નરહરિજી ને નમીયે
લાજકાજ તો લક્ષ્મીવરને રમાડે તેમ રમીએ.

હરિને ભજીએ બીજું તજીએ, માયા મોટી ખાણ,
દેખત દેખત ડૂબકા મારે, દુનિયા ડૂબી મૂઈ.

આ અવસર છે હરિ ભજવાનો, જો જો મન વિચારી
સરજનહારનું સ્મરણ ભૂલ્યો, જીતી બાજી હારી.

કોઈએ બાળી ને કોઈએ ગાળી કોઈએ કાયા દાટી
પવન ભેળો પવન થાશે મિટ્ટી ભેળી મીટ્ટી.

નરસૈંયાનો સ્વામી શામળીયો, વેદપુરાણે સાચો
જમના શીર પર પગલું દઈને, વેગે વૈકુંઠ જાશો.

ઊંચી મેડી છે મારા સંતની રે
મેં તો મારી ના જાણી રામ....હો રામ..ઊંચી મેડી...
અમને તે તેડા શીદ મોકલ્યા
મારો પીંડ છે સાચો રામ.... (૨)
મોંઘા તો મૂલની મારી ચૂંદડી
મેં તો ઓઢી ના જાણી રામ...હો રામ... ઊંચી મેડી...
અડધા પહેરાવ્યા અડધા પાથર્યા
અડધા ઉપર ઓઢાડયા રામ
ચાર જણા ચાર છેડલે
ડગમગ થાયે રામ.... હો રામ...ઊંચી મેડી...
નથી તરાપા નથી તૂમડાં
નથી ઉગર્યાનો આરો
નરસિંહ મહેતાના સ્વામી શામળા
મને પાર ઉતારો રામ... હો રામ...ઊંચી મેડી

## અંતિમ સમયનું પદ

જીવ તૂ કહાં સે ચલી આયો કહાં ચલ જાયેગો
જીવ તૂ કરલે પહચાન મુએ પસ્તાયેગો... જીવ તૂ
સત્ય લોક સે આયો ત્રિગુણમેં સમાઈ રહ્યો
ભૂલ ગયો વો દેશ માયામાં લપટાઈ ગયો .. જીવ તૂ
નહીં તેરો ગામ ને ઠામ નહીં પુર પાટણ રે... જીવ તૂ
હૈ રે બટાવનું લોક નહીં કોઈ આપનું
કહે કબીરા વિચાર, હંસા મંગલ ગાત હી
હંસ ગયે સત લોક, બહોર નહીં આવ હી... જીવ તૂ

(રાગ - બાબુલ પ્યારે)

માડી મારી... મા તું સ્વર્ગમાં જાજે, મા તું ઈન્દ્રલોક જાજે,
મા તું વૈકુંઠવાસો કરજે.
જન્મ અમૂલો અમને રે આપ્યો ઉપકાર નહીં ભૂલીએ તારો
પાળી પોષી ને સંસ્કાર દીધા, જીવન બનાવ્યા ન્યારા
લાખો લાખો તને પ્રણામ રૂદિયે રહેજે તારું નામ.
ભવોભવમાં તું અમને મળજે... માડી મારી...
ગોળથી ગળી મધથી મીઠી એવી તું મારી માવડી
જીવન સાગરે મઝધાર મધ્યે હાંકી ક્યાં ચાલી નાવલડી
વ્હાલાં બાલુડાં તરછોડી, કેમ ગઈ તું મુખ મોડી
લીલી વાડીને સદા સંભાળજે.. માડી મારી...
તારા વિના માડી સૂના મંદિરિયા, અંધારા ભર્યાં ભુવનમાં
ડગલે ને પગલે તારી યાદ જ આવે, આંસુડાં આવે નયનમાં
માથે ફરતો તારો હાથ શમી જતો મનનો તાપ
માડી સ્વર્ગથી આશિષ વરસાવજે. માડી મારી...
અઘોર વનને ઉપવન બનાવે એવી તારી શક્તિ
અંતરના આરતથી મૈયા કરીએ તારી ભક્તિ
તૂટી હૈયાનો પ્રેમ ભાવ, હવે કદિ ના મળે લ્હાવ.
અમારા જીવનનો ધ્રુવ તારો બનજે...માડી મારી...
જગતમાં જયકાર કરીશું અમે રે જનની તારો
તારા તે ગુણનો પાર ન આવે, મતિ મૂંઝાઈ છે ભરતની
કર જોડી વિનવે બાળ, સૂણજે ઓ રે દિન દયાળ
એના આત્માને મુક્તિ તું આપજે... માડી મારી...

❖ ❖ ❖ ❖ ❖

## ગીતાનું ભજન

સંત મહર્ષિકી વાણીમાં, બોલ રહે ભગવાન,
અર્જુન સુન લો ગીતા જ્ઞાન, જનતા સુન લો ગીતા જ્ઞાન,

ઘર ઘરમેં સંદેશા સુણાવે. જન જન યહ જાગૃતિ લાવે
ધર્મ કા સચ્ચા પાઠ પઢા કર, દેતે સબકો જ્ઞાન. અર્જુન...

કર્મકી મહિમા હમેં બતાયે, જીને હાથે કલા સિખાયે
હમેં એકમેકા ભેદ બતાકર, દેવે સચ્ચા જ્ઞાન. અર્જુન...

ભક્તિકા મારગ સબ સિખાયે, ઈશ્વર મિલનકી રાહ બતાયે
ભોળા માનવ પા સકેગા, એકદિન તો ભગવાન... અર્જુન...

યજ્ઞોંકી યે ક્રિયા સિખાયે, અગ્નિહોત્રી કા રાજ બતાયે
યજ્ઞ ધુમ્રસે ઈસ ભારતકા ફિર હોગા ઉત્થાન. અર્જુન...

આત્મ તત્વકા બોધ કરાવે, નિજ શક્તિમેં હમેં મિલાવે
સંયમ માનવ પા સકેગા, મુક્તિ માયા ધામ. અર્જુન...

રાષ્ટ્ર કો સચ્ચા ધર્મ બતાવે, ભાઈ સે ભાઈ કો મિલાવે
વિશ્વ ગુરુ યહ ભારત ફિરસે, સબકો દેતા જ્ઞાન. અર્જુન...

સુનલો ગીતા જ્ઞાન, અર્જુન સુણલો ગીતા જ્ઞાન
સંત મહર્ષિકી વાણીમેં બોલ રહે ભગવાન. અર્જુન...

હરિ ભજવાનું આ રે ચોઘડિયા
ફરી ફરી ના મળશે રે.... આ જીવનમાં
કાચની બોટલ જેવું જીવન આપણું
પલમાં નંદવાઈ જાશે રે... આ જીવનમાં
કાચા સૂતર જેવું જીવન છે આપણું
એક દિન તૂટી જાશે રે... આ જીવનમાં
ગાડીના પાટા જેવું જીવન છે આપણું
એક દિન થંભી જાશે રે... આ જીવનમાં
ઉગતા સૂરજ જેવું જીવન છે આપણું
એક દિન થંભી જાશે રે... આ જીવનમાં
વિમાનની પાંખ જેવું જીવન છે આપણું
એક દિન ઊડી જાશે રે... આ જીવનમાં
માટી ઘડા જેવું જીવન છે આપણું
પલમાં નંદવાઈ જાશે રે... આ જીવનમાં
દીવાની જ્યોત જેવું જીવન છે આપણું
એક દિન બુઝાઈ જાશે રે... આ જીવનમાં
ગુલાબના ફૂલ જેવું જીવન છે આપણું
પલમાં કરમાઈ જાશે રે... આ જીવનમાં
ગાવો ને ગવડાવો રે આ જીવનમાં
મોંઘો મનુષ્ય દેહ છે રે આ જીવનમાં
ફરી ફરી ના મળશે રે... આ જીવનમાં

# ભજન

નહીં રે જડે રે આતમ નહીં રે જડે
મનને વાળ્યા રે વિના આતમ નહીં રે જડે....

માનેલું મનડું મારું, ફાવતું કરવા દે એનું
આત્માની ઓથે અવળો પડદો ધરે..... મનને...

સાધન કરેલા સઘળા વેઠ જાણે લાગતા
મનડું વળે તો સાધન સ્હેજે ફળે.... મનને...

વ્રત ને તીરથ કરું, લાખ લાખ જપ કરું
તોયે મારું હૈયે શાન્તિ ખોળી ના જડે.... મનને...

કથા કરું સૂણું વાંચું, ભજનોમાં રંગ રાચું
તોયે મારું હૈયું હરનીશ બળતું રહે.... મનને...

એ રખડેલ મનને જ્યારે, બુદ્ધિ સમજાવે મનને
રાહેચડેલું મનડું આત્મામાં ભળે.... મનને...

આત્માની ઓથે જ્યારે મનડું લાગે છે ત્યારે
દુનિયાના રંગો એને ફિક્કા રે લાગે.... મનને...

મનડાવાળાને જેના અંતરમાં ભળિયા મોહન
પ્રભુ વિના બીજું એને કશું ના ગમે... મનને...

# ભજન

જીવતાં શીખો રૂડી રીતે રૂડાં કરજો કામ
એક દિન તમારી ઝૂંપડીએ આવશે રાજા રામ

ભૂખ્યાને ભોજન કરાવો તરસ્યાને દો પાણી
જીવનની આ વાડી તમારી થાશે ના ધૂળધાણી
થાય કસોટી કપરી તોયે હૈયે રાખજો હામ...
એક દિન તમારી

આપીની આંખો મીંચીને તરત પાછા વળજો
મેં આપ્યું છે મનમાં એવું અભિમાન ના કરજો
આપજો જે કંઈ વળી શકે તે કરજો સોનાં કામ...
એક દિન તમારી

ભક્તો થોડું થોડું દઈને રાજી રહેજો
હૈયાના ઉમળકે સૌને જય શ્રી રામ કહેજો.

વેરઝેરને વિસરી જઈને દેજો સૌને માન
એક દિન તમારી ઝૂંપડીએ આવશે રાજા રામ.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ॥